સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube

ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

**ICE CURRENT NEWS**

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[SEP-2019]
[22/09 to 28/09]

# WEEK-39

**CURRENT TOPIC**

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાત દિવસની અમેરિકાની મુલાકાત
- ગુજરાતમાં ગાંધીનગર ખાતેથી 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનનો પ્રારંભ
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા 'TB હારેગા દેશ જીતેગા' અભિયાન લોન્ચ
- શ્રી સરદાર પટેલની યાદમાં રાષ્ટ્રીય એકતા માટે સર્વોચ્ચ નાગરિક સન્માનની સ્થાપના
- શ્રી અમિત પંઘાલ વર્લ્ડ બોક્સીંગમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના પ્રથમ પુરુષ બોક્સર બન્યા


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 22 SEPTEMBER, 2019 SUNDAY

### ➤ દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, World Car Free Day (વિશ્વ કાર મુક્ત દિવસ)

### ➤ GST કાઉન્સિલની 37મી બેઠકમાં કેટલીક ચીજો તથા સેવાઓ પરના GST દરમાં ઘટાડો




તાજેતરમાં 20 સપ્ટેમ્બર 2019ના રોજ **ગોવા**ના **પણજી** ખાતે ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામન**ની અધ્યક્ષતામાં **GST કાઉન્સિલ**ની **37મી બેઠક**નું આયોજન થયું હતું.

- જેમાં **હીરાના જોબ વર્ક** પરનો GST **5 ટકા**થી ઘટાડીને **1.5 ટકા** કરવામાં આવ્યો છે.
- સરકારના આ નિર્ણયથી ગુજરાતના હીરા ઉદ્યોગને રાહત થશે.
- આ ઉપરાંત હોટલોના રૂમના ભાડા પરના GSTના દરોમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.
- કેટલીક અગત્યની ચીજો તથા સર્વિસ પરના GST દરમાં ફેરફાર આ પ્રમાણે છે :

**GST દરમાં ઘટાડો**

| ક્રમ | ચીજવસ્તુ/સર્વિસ | જૂનો દર | નવો દર |
|---|---|---|---|
| 1 | હીરા ઉદ્યોગના જોબ વર્ક પરનો GST | 5 ટકા | 1.5 ટકા |
| 2 | રૂ. 1000 કે તેથી ઓછુ રોજનું ભાડુ ધરાવતી હોટલ | – | 0 ટકા |
| 3 | રૂ. 1001થી રૂ. 7500 સુધીના ભાડા ધરાવતી હોટલો | 18 ટકા | 12 ટકા |
| 4 | રૂ. 7500થી વધુ ભાડા ધરાવતી હોટલો | 28 ટકા | 18 ટકા |
| 5 | એન્જિનિયરિંગ ઉદ્યોગમાં મશીન જોબ વર્ક પરનો GST | 18 ટકા | 12 ટકા |
| 6 | સૂકી આંબલી, ફૂલ-પાંદડા, બાયો ફ્રેન્ડલી મટિરિયલથી બનેલા કપ-પ્લેટ | 5 ટકા | 0 ટકા |
| 7 | ડિફેન્સ સાથે સંકળાયેલી વસ્તુઓની આયાત પરનો GST | – | 0 ટકા |

**નોંધ :** (1) ચા, કોફી જેવા **કેફિનયુક્ત પદાર્થો** પરનો GST **18 ટકા**થી વધારીને **28 ટકા** કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેના પર **12 ટકા** વધારાનો **સેસ** પણ લાગશે.

(2) આ નવા દર **1 ઓક્ટોબર, 2019**થી લાગુ થશે.

**GST કાઉન્સિલ શું છે ?**

GST કાઉન્સિલ એ ભારતમાં GSTના સંચાલન માટેની એક **Governing Body** છે.

- GSTના દરો તથા GST અંગેના રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- તેમાં **33 સભ્યો** હોય છે.
- કેન્દ્ર સરકારના **નાણામંત્રી** આ GST કાઉન્સિલના **અધ્યક્ષ** હોય છે.
- ભારતના **દરેક રાજ્યના નાણામંત્રી** તેના **સભ્ય** હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભ્રષ્ટાચારના કેસ દાખલ કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત ત્રીજા ક્રમે



કેન્દ્ર સરકારના **નીતિ આયોગે** તાજેતરમાં વર્ષ 2018ના આંકડાને આધારે ભ્રષ્ટાચાર અંગે એક રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે.

- આ રિપોર્ટ અનુસાર **ભ્રષ્ટાચારના મામલે સૌથી વધુ કેસ દાખલ કરવામાં** સમગ્ર દેશમાં **ગુજરાત ત્રીજા** નંબરે છે.
- જ્યારે આ રિપોર્ટ અનુસાર **તમિલનાડુ પ્રથમ** અને **ઓડિશા બીજા** ક્રમે છે.
- **તમિલનાડુ** અને **ઓડિશા** બાદ **ગુજરાત ત્રીજા** ક્રમે છે.

### નીતિ આયોગ

દેશના વિકાસને ગતિ અને દિશા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા **1 જાન્યુઆરી, 2015**ના રોજ **નીતિ આયોગ**ની સ્થાપના કરવામાં આવી હતી.

- આ સંસ્થા દેશ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે આર્થિક બાબતો પર પોતાના મંતવ્યો આપે છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા આર્થિક ફેરફારોને લઈને નવી યોજનાના નિર્માણ માટે સહકાર આપે છે.
- **નીતિ (NITI) આયોગ**નું પૂરું નામ **'નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા'** છે.
- **15 માર્ચ, 1950**ના રોજ સ્થપાયેલા **યોજના આયોગ (Planning Commission)**ની જગ્યાએ તેની સ્થાપના કરવામાં આવી છે.
- આ અંતર્ગત **17 ઓગસ્ટ, 2014**ના રોજ યોજના આયોગનું વિસર્જન કરવામાં આવ્યું હતું.
- નીતિ આયોગનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- દેશના **વડાપ્રધાન** તેના **અધ્યક્ષ** હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### નીતિ આયોગના સભ્યો

વર્તમાન સમયે (22 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) નીતિ આયોગના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

- અધ્યક્ષ : શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ઉપાધ્યક્ષ : શ્રી રાજીવ કુમાર
- CEO : શ્રી અમિતાભ કાંત
- કાયમી સભ્યો : શ્રી વી. કે. સારસ્વત, શ્રી રમેશ ચંદ, ડો. વી. કે. પૌલ
- હોદ્દાની રૂએ સભ્યો : શ્રી અમિત શાહ, શ્રી રાજનાથ સિંહ, શ્રીમતી નિર્મલા સીતારામન અને શ્રી નરેન્દ્ર સિંહ તોમર
- વિશેષ આમંત્રિત સભ્યો : શ્રી નીતિન ગડકરી, શ્રી પીયૂષ ગોયલ, શ્રી થાવર ચંદ ગેહલોત અને શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ

**નોંધ :** નીતિ આયોગ **'ગેરબંધારણીય'** સંસ્થા છે.

## ICE Questions

1. 'વર્લ્ડ કાર ફ્રી ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 સપ્ટેમ્બર (B) 21 સપ્ટેમ્બર (C) 22 સપ્ટેમ્બર (D) 23 સપ્ટેમ્બર **(C)**

2. તાજેતરમાં 20 સપ્ટેમ્બર 2019ના રોજ GST કાઉન્સિલની 37મી બેઠકનું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) પણજી **(D)**

3. તાજેતરમાં મળેલી GST કાઉન્સિલની 37મી બેઠકમાં હીરાના જોબ વર્ક પરનો GST 5 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 0 (B) 1 (C) 1.5 (D) 3 **(C)**

4. તાજેતરમાં મળેલી GST કાઉન્સિલની 37મી બેઠકમાં એન્જિનિયરિંગ ઉદ્યોગમાં જોબ વર્ક પરનો GST 18 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 0 (B) 5 (C) 6 (D) 12 **(D)**

5. તાજેતરમાં મળેલી GST કાઉન્સિલની 37મી બેઠકમાં કેફિનયુક્ત પદાર્થો પરનો GST વધારીને કેટલા ટકા કરવામાં આવ્યો છે ?
(A) 6 (B) 12 (C) 18 (D) 28 **(D)**

6. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા નીતિ આયોગના રિપોર્ટ અનુસાર ભ્રષ્ટાચાર અંગે સૌથી વધુ કેસ કરવાની બાબતમાં સમગ્ર દેશમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(C)**

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા નીતિ આયોગના રિપોર્ટ અનુસાર ભ્રષ્ટાચાર અંગે સૌથી વધુ કેસ કરવાની બાબતમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) તમિલનાડુ (B) ઓડિશા (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા **(A)**

8. નીતિ આયોગના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) તેની સ્થાપના 1 જાન્યુઆરી, 2015ના રોજ થઈ હતી.
(2) તેનું પૂરું નામ 'નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા' છે.
(3) તેના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમાર છે.
(4) તેના CEO શ્રી અમિતાભ કાંત છે.
Ans. : (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4 **(D)**

9. નીતિ આયોગ કયા પ્રકારની સંસ્થા છે ?
(A) બંધારણીય (B) ગેરબંધારણીય (C) વૈધાનિક (D) અર્ધન્યાયિક **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 23 SEPTEMBER, 2019 MONDAY

## ➤ ભારતના બે રાજ્યો હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત



21 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના ચૂંટણી પંચે ભારતના બે રાજ્યો હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત મહારાષ્ટ્ર અને હરિયાણામાં 21 ઓક્ટોબર 2019ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે.
- બંને રાજ્યોની તમામ સીટો પર એક જ તબક્કાના મતદાન બાદ 24 ઓક્ટોબર 2019ના રોજ મતગણતરી થશે.

### હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભા બેઠકો

| ક્રમ | રાજ્ય | બેઠક | વર્તમાન મુખ્યમંત્રી | પક્ષ |
|---|---|---|---|---|
| 1 | હરિયાણા | 90 | શ્રી મનોહરલાલ ખટ્ટર | ભાજપ |
| 2 | મહારાષ્ટ્ર | 288 + 1 = 289 | શ્રી દેવેન્દ્ર ફડનવીસ | ભાજપ |

**નોંધ :** મહારાષ્ટ્ર વિધાનસભામાં 288 + 1 = કુલ 289 વિધાનસભા બેઠકો આવેલી છે. જેમાંથી 288 બેઠકો પર ચૂંટણી યોજાય છે, જ્યારે 1 સભ્યની નિમણૂક કરવામાં આવે છે.

### 64 વિધાનસભા બેઠકો તથા 1 લોકસભા બેઠક પર પેટા ચૂંટણી

મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીની સાથે જ ભારતમાં ચૂંટણી પંચે ભારતના 18 રાજ્યોમાં 64 વિધાનસભા બેઠકો અને બિહારની 1 લોકસભા બેઠક પર પેટા ચૂંટણીની પણ જાહેરાત કરી છે.

- આ બેઠકો પર હરિયાણા અને મહારાષ્ટ્રની સાથે જ 21 ઓક્ટોબર 2019ના રોજ મતદાન થશે અને 24 ઓક્ટોબર 2019ના રોજ મતગણતરી હાથ ધરાશે.
- આ અંતર્ગત કેન્દ્રીય ચૂંટણી પંચે 21 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતની ચાર વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીની જાહેરાત કરી હતી અને ત્યારબાદ 22 સપ્ટેમ્બર 2019ના રોજ બે વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીની જાહેરાત કરી હતી. આ કુલ 6 બેઠકોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | વિધાનસભા બેઠક | જિલ્લો |
|---|---|---|
| (1) | થરાદ | બનાસકાંઠા |
| (2) | ખેરાલુ | મહેસાણા |
| (3) | અમરાઈવાડી | અમદાવાદ |

| ક્રમ | વિધાનસભા બેઠક | જિલ્લો |
|---|---|---|
| (4) | લુણાવાડા | મહીસાગર |
| (5) | રાધનપુર | પાટણ |
| (6) | બાયડ | અરવલ્લી |

**નોંધ :** (1) ભારતના જે 18 રાજ્યોમાં વિધાનસભા બેઠકોની ચૂંટણી યોજાવાની છે તેમાંથી સૌથી વધુ કર્ણાટકમાં 15 બેઠકો પર ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે બાદમાં તે મોકૂફ રાખવામાં આવી છે.

(2) કર્ણાટક બાદ બીજા ક્રમે ઉત્તરપ્રદેશમાં 11 બેઠકો માટે પેટા ચૂંટણી યોજાશે.

(3) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સુનિલ અરોરાએ ઉપરોક્ત જાહેરાત કરી હતી.

## કેન્દ્રીય ચૂંટણી પંચ

- રાજ્ય વિધાનસભાની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ-324(1) અનુસાર સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- તેથી વર્ષ 2011 થી 25 જાન્યુઆરી **રાષ્ટ્રીય મતદાતા દિન** તરીકે ઉજવાય છે.
- બંધારણના અનુચ્છેદ-324(2) મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનર હોય છે.

## ભારતના મુખ્ય તથા અન્ય ચૂંટણી કમિશનર

- ભારતના **પ્રથમ** મુખ્ય **ચૂંટણી કમિશનરનું** નામ **શ્રી સુકુમાર સેન** છે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ **શ્રીમતી વી. એસ. રમાદેવી** (કાર્યકારી) છે.
- ભારતના વર્તમાન (23 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)

  (2) શ્રી અશોક લવાસા(ચૂંટણી કમિશનર)

  (3) શ્રી સુશિલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામું

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ **6 વર્ષ અને 65 વર્ષની ઉંમર** એ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

## ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ જેટલું જ એટલે કે પ્રતિ માસ **રૂ. 2,50,000** વેતન આપવામાં આવે છે.

**નોંધ :** (1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણી પંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

## ચૂંટણી પ્રક્રિયા

- સંસદના સાંસદો અને વિધાનમંડળના ધારાસભ્યોની ચૂંટણી પ્રક્રિયા સંસદ નક્કી કરે છે. સંસદ દ્વારા 1950માં લોકપ્રતિનિધિત્વ ધારો-1951 ઘડવામાં આવ્યો અને તેમાં ચૂંટણી પ્રક્રિયા નક્કી કરવામાં આવી. ચૂંટણી પંચ તેના આધારે ચૂંટણી પ્રક્રિયા નક્કી કરે છે.
- ચૂંટણીપંચ સંસદ અથવા રાજ્ય વિધાન મંડળની સરકારોની સહમતિથી ચૂંટણી કાર્યક્રમ નક્કી કરે છે.
- ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના આદેશ મુજબ ચૂંટણી કાર્યક્રમોની જાહેરાત **જાહેરનામા** દ્વારા કરે છે.
- ચૂંટણી લડવા માટે ઉમેદવારોને ફોર્મ ભરવા **8 દિવસ**નો સમય આપવામાં આવે છે.
- ફોર્મ ભરવાની તારીખ પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારના ફોર્મની ચકાસણી કરે છે. જેમાં કોઈ ભૂલ અથવા અપૂર્ણ માહિતી બદલ જે તે ઉમેદવારનું ફોર્મ રદ કરી શકે છે. ત્યારબાદ ઉમેદવારોને પોતાનું ફોર્મ પરત ખેંચવા માટે **2 દિવસ**નો સમય આપવામાં આવે છે. પછી ચૂંટણી અધિકારી યોગ્ય ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરે છે તથા અપક્ષ ઉમેદવારો અને રાજકીય પક્ષોને ચૂંટણી નિશાનની ફાળવણી કરે છે.

## ચૂંટણી અંગેના મહત્ત્વના અનુચ્છેદ

**અનુચ્છેદ 243(ક)** (પંચાયતોની ચૂંટણીઓ)
પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન કરવાનું કાર્ય રાજ્યપાલે નીમેલા રાજ્ય ચૂંટણી કમિશનર કરે છે.

**અનુચ્છેદ 324** ચૂંટણીઓની દેખરેખ, દોરવણી અને નિયંત્રણ માટે ચૂંટણી આયોગ.

**અનુચ્છેદ 325** કોઈ વ્યક્તિ ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણસર મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા ગેરલાયક બનશે નહીં, અથવા તે કારણસર ખાસ મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા હક્ક દાવો કરશે નહીં.

**અનુચ્છેદ 326** લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત વય મતાધિકારના ધોરણે થશે. ભારતનો નાગરિક હોય તથા ઓછામાં ઓછી 18 વર્ષની ઉંમરની વ્યક્તિ મતદાન કરી શકે.

**નોંધ :** (1) 1974માં રચાયેલી **તારકુન્ડે સમિતિ**એ મતદારની ઉંમર 21થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી.

(2) ભારતમાં **61મા બંધારણીય સુધારા 1989** અંતર્ગત મતદાન માટેની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવામાં આવી છે.

**અનુચ્છેદ 327 :** વિધાનમંડળોની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની સંસદની સત્તા.

**અનુચ્છેદ 328 :** રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની વિધાનમંડળની સત્તા.

**અનુચ્છેદ 329 :** ચૂંટણી બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**નોંધ :** ભારતીય બંધારણના **ભાગ 15**માં **અનુચ્છેદ 324થી 329** સુધી ચૂંટણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી અમિત પંઘાલ વર્લ્ડ બોક્સીંગમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના પ્રથમ પુરુષ બોક્સર બન્યા

તાજેતરમાં 9થી 21 સપ્ટેમ્બર 2019 દરમિયાન રશિયાના યેકેતેરિનબર્ગ ખાતે AIBA World Boxing Championships 2019નું આયોજન થયું હતું.



- જેમાં 1 સિલ્વર અને 1 બ્રોન્ઝ સહિત કુલ 2 મેડલ જીતીને મેડલ ટેબલમાં ભારત છઠ્ઠા ક્રમે રહ્યું છે.
- જ્યારે 3 ગોલ્ડ સહિત કુલ 5 મેડલ સાથે ઉઝબેકિસ્તાન પ્રથમ ક્રમે છે.
- આ ચેમ્પિયનશિપની મુખ્ય વિશેષતા એ હતી કે આ ચેમ્પિયનશિપની 52 kg Flyweight ઈવેન્ટમાં ભારતના શ્રી અમિત પંઘાલ ફાઈનલ સુધી પહોંચ્યા હતા.
- અને તેઓ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચનાર ભારતના પ્રથમ પુરુષ બોક્સર બન્યા હતા.
- જોકે, આ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચમાં ઉઝબેકિસ્તાનના શ્રી શેખોબિદિન ઝોઈરોવ સામે તેમનો પરાજય થતાં તેમને સિલ્વર મેડલ મળ્યો હતો.
- અને આ સાથે જ શ્રી અમિત પંઘાલ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના પ્રથમ પુરુષ બોક્સર બની ગયા હતા.
- શ્રી અમિત પંઘાલ ઉપરાંત ભારતના શ્રી મનિષ કૌશિકે આ ચેમ્પિયનશિપની Lightweight ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી અમિત પંઘાલ

શ્રી અમિત પંઘાલ ભારતના પ્રસિદ્ધ પ્રોફેશનલ બોક્સર છે.

- તેમનો જન્મ 16 ઓક્ટોબર, 1995ના રોજ હરિયાણાના રોહતક જિલ્લાના મયના નામના ગામમાં થયો હતો.
- તેમના કોચનું નામ શ્રી અનિલ ધનકર છે. શ્રી અમિત પંઘાલે તેમના વિજયનો શ્રેય તેમના કોચને આપ્યો હતો.
- વર્ષ 2018માં ઈન્ડોનેશિયાના જકાર્તા તથા પાલેમ્બંગ ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં શ્રી અમિત પંઘાલે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- જ્યારે વર્ષ 2018માં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં તેમને સિલ્વર મેડલ મળ્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2019માં બેંગકોક ખાતે યોજાયેલ એશિયન ચેમ્પિયનશિપમાં શ્રી અમિત પંઘાલને ગોલ્ડ મેડલ મળ્યો હતો.

**નોંધ :** (1) શ્રી મનિષ કૌશિકનો જન્મ 11 જાન્યુઆરી, 1996ના રોજ હરિયાણાના ભિવાની જિલ્લાના દેવસર ખાતે થયો હતો.

(2) AIBAનું પૂરું નામ Association International de Boxe Amateur છે. જોકે, સામાન્ય રીતે તે International Boxing Association તરીકે ઓળખાય છે.

# POLICE INSPECTOR PRELIM PASS 2019

## ICE આપને પાઠવે છે સફળતાની જ્વલંત શુભકામનાઓ...


KAJAL BORICHA


ADITI DAVE


PUJA CHAUHAN


JANKI ABOTI


TASLIM SUMRA


PRAPTI MEHTA


AKHILESH GOHEL


BHOLUBHA GADHVI


MAHESH CHAUDHARY


ANIL JAGANI


PRAKASH PARMAR



AJAYRAJSINH JADEJA


PRADEEPSINH JADEJA


SANJAY SOLANKI


CHANDRAJIT VINCHHIYA


DEVABHAI KODIYATAR


SIKKANDAR LADHANI


AMARDEEPSINH JADEJA


BHAVESH HAPANI

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
icerajkotofficial | www.iceonline.in | icerajkot

## ICE Questions

1. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં ભારતના કયા બે રાજ્યોમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશ (B) મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશ
   (C) મહારાષ્ટ્ર અને હરિયાણા (D) મધ્યપ્રદેશ અને હરિયાણા — **(C)**

2. મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ કેટલી બેઠકો પર ચૂંટણી થાય છે ?
   (A) 288 (B) 289 (C) 290 (D) 291 — **(A)**

3. મહારાષ્ટ્ર વિધાનસભાની કુલ સભ્ય સંખ્યા કેટલી છે ?
   (A) 288 (B) 289 (C) 290 (D) 291 — **(B)**

4. હરિયાણા વિધાનસભામાં કેટલી (અથવા તો કુલ કેટલી) બેઠકો આવેલી છે ?
   (A) 88 (B) 89 (C) 90 (D) 91 — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**5.** 21-22 સપ્ટેમ્બર 2019ના રોજ કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાતની છ વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. જેમાંથી નીચેની બેઠકો અને તેના જિલ્લાની જોડમાંથી કઈ જોડી સાચી નથી ?

(A) થરાદ - બનાસકાંઠા (B) ખેરાલુ - મહેસાણા

(C) બાયડ - અરવલ્લી (D) લુણાવાડા - પંચમહાલ **(D)**

**6.** વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના પ્રથમ પુરુષ બોક્સરનું નામ શું છે?

(A) શ્રી વિજેન્દર સિંહ (B) શ્રી શિવા થાપા

(C) શ્રી અમિત પંઘાલ (D) શ્રી સતિષ કુમાર **(C)**

**7.** તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપ 2019માં ભારતના શ્રી અમિત પંઘાલે સિલ્વર મેડલ જીત્યો હતો ?

(A) સોચિ, રશિયા (B) વોલ્ગોગાર્ડ, રશિયા

(C) સેન્ટ પિટર્સબર્ગ, રશિયા (D) યેકેતેરિનબર્ગ, રશિયા **(D)**

**8.** તાજેતરમાં રશિયાના યેકેતેરિનબર્ગ ખાતે યોજાયેલી વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપ 2019ની કઈ ઈવેન્ટમાં ભારતના શ્રી અમિત પંઘાલે સિલ્વર મેડલ જીત્યો હતો ?

(A) 52 kg Flyweight (B) 58 kg Featherweight

(C) 48 kg Lightweight (D) 68 kg Heavyweight **(A)**

**9.** વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશિપ 2019ની ફાઈનલ મેચમાં કયા ખેલાડી સામે ભારતના શ્રી અમિત પંઘાલનો પરાજય થયો હતો ?

(A) શ્રી મિરઝિઝબેક મિરઝાખલિલોવ (B) શ્રી એન્ડી ક્રૂઝ

(C) શ્રી શેખોબિદિન ઝોઈરોવ (D) શ્રી દિલશોદબેક રુઝમેતોવ **(C)**

**10.** તાજેતરમાં કયા દેશના શ્રી શેખોબિદિન ઝોઈરોવ સામે ભારતના શ્રી અમિત પંઘાલનો વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયશિપ 2019ની ફાઈનલ મેચમાં પરાજય થયો હતો ?

(A) કઝાખસ્તાન (B) ઉઝબેકિસ્તાન (C) તૂર્કમેનિસ્તાન (D) મોંગોલિયા **(B)**

**11.** શ્રી મનિષ કૌશિક કઈ રમતના ખેલાડી છે ?

(A) રેસલિંગ (B) બોક્સીંગ (C) શૂટિંગ (D) બેડમિન્ટન **(B)**

**12.** શ્રી મનિષ કૌશિક કયા રાજ્યના ખેલાડી છે ?

(A) હરિયાણા (B) પંજાબ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ **(A)**


**13.** શ્રી અમિત પંઘાલ કયા રાજ્યના ખેલાડી છે ?

(A) હરિયાણા (B) પંજાબ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 24 SEPTEMBER, 2019 TUESDAY

## ➤ ગુજરાતમાં ગાંધીનગર ખાતેથી 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનનો પ્રારંભ



23 સપ્ટેમ્બર 2019ના રોજ 'આયુષ્માન ભારત દિવસ'ની ઉજવણી અંતર્ગત ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતના ગાંધીનગર ખાતેથી 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનનો પ્રારંભ કરાવ્યો છે.

- 104 હેલ્પલાઈનની મદદથી ગુજરાતમાં નાગરિકો ઘરે બેઠા જ આરોગ્યલક્ષી માર્ગદર્શન વિના મૂલ્યે મેળવી શકશે.
- આ ઉપરાંત આત્મહત્યા અટકાવવા માટે માનસિક રીતે અસ્વસ્થ, નિરાશ અને હતાશ વ્યક્તિઓને આ હેલ્પલાઈનની મદદથી નિષ્ણાંત મનોવૈજ્ઞાનિકો દ્વારા કાઉન્સેલિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

### સુશ્રી પી.વી. સિંધૂ 104 હેલ્પલાઇનના બ્રાન્ડ એમ્બેસેડર

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનના પ્રચાર-પ્રસાર તથા તેને લોક ભોગ્ય બનાવવા માટે ભારતના પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી. સિંધૂને આ હેલ્પલાઈનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે.

### TeCHO+ એપ્લિકેશન સાથે 104 હેલ્પલાઇનનું જોડાણ

ગુજરાતમાં પ્રસૂતા માતા અને બાળઆરોગ્યની કામગીરીનું અસરકારક અમલીકરણ અને તેનું મૂલ્યાંકન થઈ શકે તે માટે TeCHO+ એપ્લિકેશનનું 104 હેલ્થ હેલ્પલાઇન સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

- TeCHO+ એ એક મોબાઈલ એપ્લિકેશન છે.
- ગુજરાતમાં આરોગ્ય સેવાઓની પહોંચ વધારવામાં અને આરોગ્ય પરિણામ સુધારવામાં આ એપનો ફાળો નોંધપાત્ર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 324 નવી 108 એમ્બ્યુલન્સનું લોકાર્પણ

23 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતેથી 324 નવી 108 એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

- ગુજરાતમાં જૂની થયેલ એમ્બ્યુલન્સને બદલવા માટે પ્રતિ વર્ષ 100 નવી એમ્બ્યુલન્સોની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે.



### 28 નવી નિયોનેટલ એમ્બ્યુલન્સની મંજૂરી

ગુજરાતમાં નવજાત શિશુને સારી આરોગ્ય સેવા મળે અને બાળ મૃત્યુ દર ઘટે તે માટે ગુજરાત સરકાર દ્વારા 28 નવી નિયોનેટલ એમ્બ્યુલન્સ મંજૂર કરવામાં આવી છે.

## 174 નવી ખિલખિલાટ વાનનું લોકાર્પણ

**23 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી 174 નવી ખિલખિલાટ વાનનું લીલી ઝંડી આપીને લોકાર્પણ કર્યું હતું.**

- ગુજરાતમાં પ્રસૂતિ પહેલાની તપાસ માટે માતાને તેમજ પ્રસૂતિ બાદ તપાસ માટે ઘરેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલથી પરત ઘર સુધી માતા અને નવજાત બાળકને નિઃશુલ્ક પહોંચાડવા માટે **'ખિલખિલાટ વાન'**ની સુવિધા શરૂ કરવામાં આવી છે.
- શરૂઆતમાં 20 ખિલખિલાટ વાનથી આ સુવિધાનો પ્રારંભ થયો હતો. હાલ ગુજરાતમાં 347 જેટલી ખિલખિલાટ વાન કાર્યરત છે.
- ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **4 સપ્ટેમ્બર 2012**ના રોજ 'ખિલખિલાટ' સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## 108 એમ્બ્યુલન્સ

ગુજરાતમાં **29 ઓગસ્ટ, 2007**ના રોજ **53** જેટલી એમ્બ્યુલન્સથી **108 સેવા**નો પ્રારંભ થયો હતો.

- એ સમયે આવી સેવાનો પ્રારંભ કરનાર **ગુજરાત** ભારતનું **બીજું રાજ્ય** હતું.
- તાજેતરમાં 29 ઓગસ્ટ, 2019ના રોજ આ સેવાને **12 વર્ષ** પૂરા થયા છે.
- આ 12 વર્ષના સમયગાળા દરમિયાન આ એમ્બ્યુલન્સના માધ્યમથી આશરે **1 કરોડ 1 લાખ કરતા વધારે** લોકોને કટોકટીના સમયમાં સેવા આપવામાં આવી છે.
- ગુજરાતમાં આ સુવિધા ઝડપથી ઉપલબ્ધ થઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા '**108 ગુજરાત**' નામની **મોબાઈલ એપ્લિકેશન** પણ લોન્ચ કરવામાં આવી છે.
- ગુજરાતમાં 108ની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે **ગુજરાત સરકાર** અને **GVK EMRI** વચ્ચે કરાર થયા છે.
- **GVK EMRI** દ્વારા ભારતમાં **પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP)** ધોરણે 108ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- GVK EMRIએ ઈમર્જન્સી સર્વિસ પૂરી પાડતી ભારતની અગ્રણી સંસ્થા છે.
- તેનું પૂરું નામ '**GVK ઈમર્જન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ**' છે.

**નોંધ :** (1) ગુજરાતમાં હાલ **587** જેટલી એમ્બ્યુલન્સો કાર્યરત છે. તેમાં **324** નવી એમ્બ્યુલન્સનો ઉમેરો થતાં અને તેમાંથી **261** જેટલી જૂની એમ્બયુલન્સને રદ કરાતા ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સની કુલ સંખ્યા **650** જેટલી થઈ જશે.

(2) આ ઉપરાંત ગુજરાતમાં 108 સેવા અંતર્ગત **2 બોટ એમ્બ્યુલન્સ** પણ કાર્યરત છે.

(3) ગુજરાતમાં પશુ-પક્ષીઓની સારવાર માટે '**કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ 1962**'નો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

(4) ગુજરાતમાં તાજેતરમાં આ **108 ઈમરજન્સી સેવા**ની ટેક્નોલોજી તેમજ વ્યવસ્થાને આધારે જ રાજ્ય વ્યાપી **104 હેલ્થ હેલ્પલાઈન**નો પ્રારંભ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મહિલાઓની સુરક્ષા માટે ગુજરાતમાં સૌપ્રથમવાર અમદાવાદમાં 'નિર્ભયા વાન'નો ઉપયોગ થશે

ગુજરાતના **અમદાવાદ** શહેર પોલીસ દ્વારા મહિલાઓની સુરક્ષા માટે અનેક નવતર પહેલ હાથ ધરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાતમાં **સૌપ્રથમ વખત અમદાવાદ** શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ **100** જેટલી **'નિર્ભયા વાન'** તૈયાર કરવામાં આવી રહી છે.
- આ 'નિર્ભયા વાન' જાહેર રસ્તાઓ, કોલેજો, યુનિવર્સિટી, શાકમાર્કેટ અને અનેક જાહેર સ્થળો પર યુવતીઓની છેડતીઓની ઘટના સામે બાજ નજર રાખશે.
- આ નિર્ભયા વાન શરૂઆતમાં અમદાવાદ શહેર પોલીસની **'શી ટીમ'**ને ફાળવવામાં આવશે.
- આ **'શી ટીમે'** અમદાવાદમાં ઘણા રોમિયોને વિવિધ જગ્યાઓ પરથી પકડી પાડીને પ્રશંસનીય કામગીરી કરી છે.

## ➤ આયુષ્માન ભારત દિવસની ઉજવણી

**23 સપ્ટેમ્બર, 2018**ના રોજ **ઝારખંડ**ના **રાંચી** ખાતે આવેલા **પ્રભાત તારા મેદાન**માં યોજાયેલા સમારોહમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત યોજના'**નો શુભારંભ કરાવ્યો હતો.

- 'આયુષ્માન ભારત'એ **વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના** છે.
- આ યોજનાને તાજેતરમાં **એક વર્ષ** પૂર્ણ થતાં **23 સપ્ટેમ્બર, 2019**ના રોજ ભારતમાં **'આયુષ્માન ભારત દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત ભારતમાં એક વર્ષમાં **21,000**થી વધુ **Health & Wellness Centre** કાર્યરત થયા છે.
- અને લગભગ **47 લાખ** જેટલા લોકોને આ યોજના અંતર્ગત સારવાર મળી છે.

### આયુષ્માન ભારત પખવાડિયુ

'આયુષ્માન ભારત દિવસ'ની ઉજવણી ઉપરાંત આ યોજનાના એક વર્ષ પૂરા થવાને પ્રસંગે ભારતમાં **15થી 30 સપ્ટેમ્બર, 2019** દરમિયાન **'આયુષ્માન ભારત પખવાડિયા'**ની પણ ઉજવણી કરવામાં આવી છે.

### આયુષ્માન ભારત યોજનાનું પૂરું નામ શું છે ?

**'આયુષ્માન ભારત'** અથવા તો **'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'** તરીકે ઓળખાતી આ યોજનાનું પૂરું નામ **'આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (AB-PMJAY)** છે.

### આ યોજના અંતર્ગત સરકારનું લક્ષ્ય

આ યોજના અંતર્ગત ભારતની કુલ વસતીના **40 ટકા** લોકોને એટલે કે આશરે **50 કરોડથી વધુ** લોકોને **રૂ. 5 લાખ** સુધીનો **સ્વાસ્થ્ય વીમો** ઉપલબ્ધ કરાવવાનું સરકારનું લક્ષ્ય છે.

- આ ઉપરાંત આ યોજના અંતર્ગત ભારતમાં **ડિસેમ્બર 2022** સુધીમાં **1.5 લાખ Health & Wellness Centre, 82 નવી સરકારી મેડિકલ કોલેજ** અને **14 નવી એઈમ્સનું** નિર્માણ કરવાની પણ સરકારની યોજના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## આ યોજના વિશે કેટલીક અન્ય અગત્યની માહિતી

આ યોજના અંતર્ગત ગરીબ જરૂરતમંદ કુટુંબોને **પરિવાર દીઠ** વાર્ષિક **રૂ. 5 લાખ**નું વીમા કવચ અથવા તો આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે.

- ગુજરાતમાં **મા** અને **મા વાત્સલ્ય કાર્ડ** ધરાવતા તમામ લાભાર્થીઓને પણ **પરિવાર દીઠ** વાર્ષિક **રૂ. 5 લાખ** સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે.
- 23 સપ્ટેમ્બર, 2018ના રોજ મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **અમદાવાદ**ની **સિવિલ હોસ્પિટલ** ખાતેથી ગુજરાતમાં આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.
- આ યોજનાનો હેલ્પલાઈન નંબર **14555** છે.
- આ યોજના હેઠળ **કેન્દ્ર-રાજ્ય** વચ્ચે ખર્ચનો હિસ્સો **60 : 40** છે. એટલે કે આ યોજના અંતર્ગત 60 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને 40 ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.
- ભારતમાં આ યોજનાના અસરકારક અમલ માટે '**નેશનલ હેલ્થ એજન્સી**'ની પણ રચના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની
સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર
ગુજરાત સરકારની વર્ગ-3ની આવનારી તમામ ભરતીઓ માટે
આપની સફળતાને નિશ્ચિત કરતી
સ્પેશિયલ બેચ
જૂનાગઢ

ફ્રી DEMO LECTURE
01/10/19
4 to 6 PM
32થી વધુ Weekly OMR પદ્ધતિથી Test (મૂલ્યાંકન સાથે)
2012 - 18 1237+ સફળ ઉમેદવાર
રીડિંગ રૂમની વ્યવસ્થા
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
Perry plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda Road,
જૂનાગઢ
રજિસ્ટ્રેશન ફરજિયાત
76985-01110 / 76986-01110

## ICE Questions

1. 23 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતમાં કઈ હેલ્થ હેલ્પલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) 103 (B) 104 (C) 105 (D) 106 **(B)**

2. 23 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતમાં કઈ જગ્યાએથી 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) ગાંધીનગર **(D)**

3. 23 સપ્ટેમ્બર 2019ના રોજ ગુજરાતમાં કોના દ્વારા 104 હેલ્થ હેલ્પલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી અમિત શાહ
(C) શ્રી દેવવ્રત આચાર્ય (D) શ્રી નીતિનભાઈ પટેલ **(D)**

4. ગુજરાતમાં કઈ હેલ્પલાઈન અંતર્ગત આત્મહત્યા નિવારણ અંગે માર્ગદર્શન મળશે ?
(A) 100 (B) 104 (C) 108 (D) 111 **(B)**

5. ગુજરાત સરકારની 104 હેલ્થ હેલ્પલાઈન તથા સ્યૂસાઈડ પ્રિવેન્શન હેલ્પલાઈનના બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે ?
(A) શ્રી રવિન્દ્ર જાડેજા (B) સુશ્રી હીમા દાસ
(C) સુશ્રી પી.વી. સિંધૂ (D) સુશ્રી સ્મૃતિ માંધાના **(C)**

6. 23 સપ્ટેમ્બર 2019ના રોજ શ્રી નીતિનભાઈ પટેલે ક્યાંથી 324 નવી 108 એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાવ્યું છે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) રાજકોટ (D) વડોદરા **(A)**

7. ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 29 ઓગસ્ટ, 2005 (B) 29 ઓગસ્ટ, 2006
(C) 29 ઓગસ્ટ, 2007 (D) 29 ઓગસ્ટ, 2008 **(C)**

8. ગુજરાતમાં પ્રસૂતિ દરમિયાન સારવાર માટે માતા તથા માતા અને નવજાત શિશુને ઘરેથી હોસ્પિટલે તથા હોસ્પિટલેથી ઘરે લઈ જવા માટે કઈ વાન શરૂ કરવામાં આવી છે ?
(A) કિલકિલાટ (B) ખિલખિલાટ (C) નારી (D) શિશુ **(B)**

9. મહિલાઓની સુરક્ષા માટે ગુજરાતમાં સૌપ્રથમ કયા શહેરમાં 'નિર્ભયા વાન' શરૂ કરવામાં આવશે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) વડોદરા **(A)**

10. તાજેતરમાં ભારતમાં 'આયુષ્માન ભારત દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(C)**

11. 23 સપ્ટેમ્બર, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત' યોજનાનો પ્રારંભ ક્યાંથી કરાવ્યો હતો ?
(A) વારાણસી, ઉત્તરપ્રદેશ (B) જયપુર, રાજસ્થાન
(C) રાંચી, ઝારખંડ (D) રાયપુર, છત્તીસગઢ **(C)**

12. તાજેતરમાં ભારતમાં કયા દિવસો દરમિયાન 'આયુષ્માન ભારત પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1થી 15 સપ્ટેમ્બર (B) 15થી 30 સપ્ટેમ્બર
(C) 1થી 15 ઓગસ્ટ (D) 15થી 30 ઓગસ્ટ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 25 SEPTEMBER, 2019 WEDNESDAY

### ➤ ગુજરાત સરકાર દ્વારા નવા CGDCRની મંજૂરી : ગુજરાતમાં હવે ગગનચૂંબી ઈમારતો પણ બનાવી શકાશે

ગુજરાતના નગરો-મહાનગરોમાં બાંધકામ ક્ષેત્રને સ્પર્શતા પ્રશ્નોના નિકાલ માટે તથા ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં નવા CGDCRને મંજૂરી આપવામાં આવી છે.

- આ અંતર્ગત હવે ગુજરાતમાં દુબઈ-સિંગાપોરની જેમ 50-60 કે તેથી વધુ માળની ગગનચૂંબી ઈમારતોના નિર્માણને પણ મોટા શહેરોના કેટલાક વિસ્તારોમાં સ્પેશિયલ કેસમાં મંજૂરી આપી શકાશે.
- તાજેતરમાં ગુજરાતના **અમદાવાદ**માં ક્રેડાઈ ગુજરાત દ્વારા આયોજિત 'ગ્રોથ એમ્બેસેડર્સ સમિટ 2019'નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ આ જાહેરાત કરી હતી.
- બાંધકામને લગતા આ નવા નિયમોમાં જળસંચય, જળસંગ્રહ અને રિસાઈક્લીંગ ઓફ વોટરને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- આ ઉપરાંત ફાયર સેફટી અંગેના નિયમોને પણ વધુ સુદૃઢ બનાવવામાં આવ્યા છે.
- આ અંતર્ગત ગુજરાતમાં હવે **100થી વધુ રહેણાંક આવાસો** ધરાવતા પ્રોજેક્ટના કિસ્સામાં ઘરકામમાં ઉપયોગ થયેલા પાણીને શુદ્ધ કરવા **શુદ્ધિકરણ પ્લાન્ટ** લગાવી બગીચા-લોન માટે આ પાણીનો ઉપયોગ કરવાનો રહેશે. જેનાથી રિસાઈક્લીંગ ઓફ વોટરને પ્રોત્સાહન મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



- લોકોના 'ઘરનું ઘર'ના સ્વપ્નને સાકાર કરવા માટે <u>ગામતળ</u> એક્સ્ટેન્શનમાં અથવા તો નગરપાલિકાની D-8 અને ગ્રામ્યવિસ્તારની D-10 કેટેગરીમાં મળવાપાત્ર બેઝ FSI <u>1.2</u> ઉપરાંત <u>0.6</u> ચાર્જેબલ FSI મળીને કુલ <u>1.8 FSI</u> મળશે.
- ગુજરાતના શહેરોમાં અથવા તો D1, D2, D4 અને D7A કેટેગરીમાં <u>36 મીટર કે તેથી પહોળા અને 45 મીટરથી નાના રસ્તા ઉપર</u> મહત્તમ <u>3.6 FSI</u> અને <u>45 મીટર કે તેથી વધુ પહોળા રસ્તા ઉપર</u> મહત્તમ <u>4.0 FSI</u>ને મંજૂરી આપવામાં આવી છે.
- આ ઉપરાંત કોમન પ્લોટમાં સોસાયટીના કોમન ફેસિલિટીઝના મળવાપાત્ર બાંધકામને FSIમાંથી <u>સંપૂર્ણ મુક્તિ</u> આપવામાં આવી છે.

**નોંધ :** (1) FSIનું પૂરું નામ <u>'Floor Space Index'</u> છે.

(2) FSI <u>Plot Area</u>ના સંદર્ભમાં <u>Bilt-up Area</u>ને દર્શાવે છે.

## CGDCR

<u>CGDCR</u>નું પૂરું નામ <u>'Comprehensive General Development Control Regulation'</u> છે.

- ગુજરાતના તમામ વિસ્તારોમાં બાંધકામના નિયમોને અમલમાં મૂકવા માટે CGDCRને અમલી બનાવવામાં આવ્યો છે.



## ICE Questions

1. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં નવા CGDCRની મંજૂરી આપવામાં આવી છે....CGDCRનું પૂરું નામ શું છે ?
   (A) Comprehensive General Development Control Regulation
   (B) Comprehensive General Development Common Regulation
   (C) Comprehensive General Development Central Regulation
   (D) ત્રણમાંથી કોઈ નહિ
   **(A)**

2. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં યોજાયેલી 'ગ્રોથ એમ્બેસેડર્સ સમિટ 2019'ના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નવા CGDCRની જાહેરાત કરી હતી ?
   (A) ગાંધીનગર (B) અમદાવાદ (C) સુરત (D) વડોદરા
   **(B)**

3. તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલા નવા CGDCR અનુસાર ગુજરાતમાં હવે કેટલા રહેણાંક મકાનોથી વધુના પ્રોજેક્ટમાં ઘરકામમાં ઉપયોગ થયેલા પાણીના શુદ્ધિકરણ માટેનો પ્લાન્ટ સ્થાપવો પડશે ?
   (A) 40 (B) 50 (C) 80 (D) 100
   **(D)**

4. ગુજરાતમાં તાજેતરમાં ગામતળ એક્સ્ટેન્શન અથવા તો નગરપાલિકાની D-8 અને ગ્રામ્યવિસ્તારની D-10 કેટેગરીમાં બેઝ FSI તથા ચાર્જેબલ FSI મળીને કુલ કેટલી FSIને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 1.2 (B) 1.6 (C) 1.8 (D) 2.2
   **(C)**


5. ગુજરાતના શહેરોમાં અથવા તો D1, D2, D4 અને D7A કેટેગરીમાં 36 મીટરથી 45 મીટર સુધીના રસ્તા પર તાજેતરમાં મહત્તમ કેટલી FSIને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 3.2 (B) 3.4 (C) 3.6 (D) 3.8
   **(C)**

6. ગુજરાતના શહેરોમાં અથવા તો D1, D2, D4 અને D7A કેટેગરીમાં 45 મીટર કે તેથી પહોળા રસ્તા પર તાજેતરમાં મહત્તમ કેટલી FSIને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 3.6 (B) 3.8 (C) 4.0 (D) 4.2
   **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26 SEPTEMBER, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર 2019, ભાદરવા વદ બારસ; રેંટિયા બારસ




મહાત્મા ગાંધીજીનો જન્મ 2 ઓક્ટોબર, 1869ના રોજ થયો હતો.

- આથી, તેમનો જન્મદિન 2 ઓક્ટોબર 'વિશ્વ અહિંસા દિન' તરીકે ઉજવાય છે.
- પરંતુ હિન્દુ તિથી પ્રમાણે મહાત્મા ગાંધીજીનો જન્મ વિક્રમ સંવત 1925ના ભાદરવા વદ બારસને દિવસે થયો હતો.
- આથી, હિન્દુ તિથી પ્રમાણેનો તેમનો જન્મદિન ભાદરવા વદ બારસ ભારતમાં 'રેંટિયા બારસ' તરીકે ઉજવાય છે.
- આ દિવસે ગાંધી વિચારધારા ધરાવતા લોકો તથા સંસ્થાઓ દ્વારા સમૂહ કાંતણ તથા સમૂહ પ્રાર્થના સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## ➤ World Wrestling Championships 2019

તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન કઝાખસ્તાનના નૂર સુલ્તાન નામના શહેરમાં 'વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ 2019'નું આયોજન થયું હતું.




- જેમાં 1 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 5 મેડલ સાથે ભારત મેડલ ટેલીમાં 17મા ક્રમે છે.
- જ્યારે 9 ગોલ્ડ સહિત કુલ 19 મેડલ સાથે રશિયા પ્રથમ ક્રમે છે.
- આ ચેમ્પિયનશિપની Men's Freestyleની 86 kg વજન વર્ગની ઈવેન્ટમાં ભારતના શ્રી દીપક પુનિયાને સિલ્વર મેડલ મળ્યો હતો.
- અને આ સાથે જ તેઓ વર્ષ 2020ની ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ ગયા છે.
- જોકે, આ ચેમ્પિયનશિપમાં Men's Freestyleની 86 kg વજન વર્ગની ઈરાનના શ્રી હસન યઝદાની સામેની ફાઈનલ મેચ શ્રી દીપક પુનિયા ઈન્જર્ડ થવાને કારણે રમી શક્યા ન હતા. આથી તેમને સિલ્વર મેડલ મળ્યો હતો.

**World Wrestling Championship 2019માં મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ**

| ક્રમ | ખેલાડી | મેડલ | ઈવેન્ટ | જન્મ |
|---|---|---|---|---|
| 1 | શ્રી દીપક પુનિયા | સિલ્વર | Men's Freestyle 86 kg | હરિયાણા |
| 2 | શ્રી રવિકુમાર દહિયા | બ્રોન્ઝ | Men's Freestyle 57 kg | હરિયાણા |
| 3 | શ્રી રાહુલ અવારે | બ્રોન્ઝ | Men's Freestyle 61 kg | મહારાષ્ટ્ર |
| 4 | શ્રી બજરંગ પુનિયા | બ્રોન્ઝ | Men's Freestyle 65 kg | હરિયાણા |
| 5 | સુશ્રી વિનેશ ફોગટ | બ્રોન્ઝ | Women's Freestyle 53 kg | હરિયાણા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ The Best FIFA Football Awards 2019

FIFA દ્વારા તાજેતરમાં ઈટલીના મિલાન શહેરમાં યોજાયેલા એક સમારોહમાં વર્ષ 2019ના The Best FIFA Football Awards એનાયત કરવામાં આવ્યા છે.




- આ અંતર્ગત શ્રી લિયોનેલ મેસ્સીને વર્ષ 2019નો 'The Best FIFA Men's Player' એવોર્ડ એનાયત થયો છે.
- શ્રી લિયોનેલ મેસ્સી આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલ પ્લેયર છે.
- અને તેઓ આર્જેન્ટિનાની નેશનલ ફૂટબોલ ટીમ ઉપરાંત સ્પેનિશ ફૂટબોલ ક્લબ બાર્સેલોનાના પણ કેપ્ટન છે.
- શ્રી લિયોનેલ મેસ્સી ઉપરાંત સુશ્રી મેગન રેપિનોને વર્ષ 2019નો 'The Best FIFA Women's Player' એવોર્ડ એનાયત થયો છે.
- સુશ્રી મેગન રેપિનો અમેરિકાના પ્રસિદ્ધ ફૂટબોલ પ્લેયર છે.

**The Best FIFA Football Awards 2019**

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | The Best FIFA Men's Player | શ્રી લિયોનેલ મેસ્સી | આર્જેન્ટિના |
| 2 | The Best FIFA Women's Player | સુશ્રી મેગન રેપિનો | અમેરિકા |
| 3 | The Best FIFA Men's Goalkeeper | શ્રી એલિસન બેકર | બ્રાઝિલ |

**FIFA**

**FIFAનું પૂરું નામ 'Federation International de Football Association' છે.**

- FIFA એ Football, Futsal અને Beach Soccerનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- તેની સ્થાપના 21 મે 1904ના રોજ ફ્રાન્સના પેરિસ ખાતે થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- તેના વર્તમાન (26 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી જિયાન્ની ઈન્ફન્ટિનો છે.

**ICE Questions**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કોનો જન્મ દિવસ 'રેંટિયા બારસ' તરીકે ઉજવાય છે ?
   (A) મહાત્મા ગાંધીજી (B) કસ્તુરબા
   (C) શ્રી મહાદેવભાઈ દેસાઈ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

2. 'રેંટિયા બારસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) ભાદરવા વદ બારસ (B) ભાદરવા સુદ બારસ
   (C) આસો વદ બારસ (D) આસો સુદ બારસ **(A)**

3. વિક્રમ સંવત અનુસાર મહાત્મા ગાંધીજીનો જન્મ કયારે થયો હતો ?
   (A) ભાદરવા વદ બારસ, 1923 (B) ભાદરવા વદ બારસ, 1924
   (C) ભાદરવા વદ બારસ, 1925 (D) ભાદરવા વદ બારસ, 1926 **(C)**

4. તાજેતરમાં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં સિલ્વર મેડલ વિજેતા ભારતીય રેસલરનું નામ શું છે ?
   (A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી મનોજ પુનિયા
   (C) શ્રી દીપક પુનિયા (D) શ્રી દર્શન પુનિયા **(C)**

5. ભારતના શ્રી દીપક પુનિયાએ તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો છે ?
   (A) યેકેતેરિનબર્ગ, રશિયા (B) અબુધાબી, UAE
   (C) નૂર સુલ્તાન, કઝાખસ્તાન (D) રિયાધ, સાઉદી અરેબિયા **(C)**

6. તાજેતરમાં શ્રી દીપક પુનિયાએ Men's Freestyleની કઈ ઈવેન્ટમાં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં સિલ્વર મેડલ જીત્યો છે ?
   (A) 86 kg (B) 65 kg (C) 61 kg (D) 53 kg **(A)**

7. શ્રી દીપક પુનિયા ભારતના કયા રાજ્યના ખેલાડી છે ?
(A) હરિયાણા (B) મહારાષ્ટ્ર (C) પંજાબ (D) ત્રિપુરા — (A)

8. શ્રી દીપક પુનિયા કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) બોક્સીંગ (B) શૂટિંગ (C) રેસલિંગ (D) ટેબલ ટેનિસ — (C)

9. તાજેતરમાં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ 2019માં બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય મહિલા રેસલરનું નામ શું છે?
(A) સુશ્રી ગીતા ફોગટ (B) સુશ્રી વિનેશ ફોગટ
(C) સુશ્રી સાક્ષી મલિક (D) સુશ્રી બબિતા કુમાર — (B)

10. તાજેતરમાં 'The Best FIFA Men's Player 2019' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી ક્રિસ્ટીયાનો રોનાલ્ડો (B) શ્રી લિયોનેલ મેસ્સી
(C) શ્રી વિર્જિલ વાન (D) શ્રી ઝિનેદિન ઝિદાન — (B)

11. શ્રી લિયોનેલ મેસ્સી કયા દેશના ખેલાડી છે ?
(A) આર્જેન્ટિના (B) અમેરિકા (C) બ્રાઝિલ (D) જર્મની — (A)

12. આર્જેન્ટિનાના શ્રી લિયોનેલ મેસ્સી કઈ ફૂટબોલ ક્લબના કેપ્ટન છે ?
(A) બાર્સેલોના (B) મિલિયોનર F.C. (C) લા ગેલેક્ષી (D) F.C. કુન્ટુમ — (A)

13. તાજેતરમાં 'The Best FIFA Women's Player 2019' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી એલેક્સ મોર્ગન (B) સુશ્રી લ્યુસી બ્રોન્ઝ
(C) સુશ્રી રોઝ લેવેલ (D) સુશ્રી મેગન રેપિનો — (D)

14. સુશ્રી મેગન રેપિનો કયા દેશના પ્રસિદ્ધ ખેલાડી છે ?
(A) આર્જેન્ટિના (B) બ્રાઝિલ (C) અમેરિકા (D) જર્મની — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 27 SEPTEMBER, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિન (World Tourism Day)

સમગ્ર વિશ્વમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોના પ્રસારમાં પ્રવાસનના યોગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ પ્રવાસન દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations World Tourism Organization (UNWTO) દ્વારા 1980થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2019ની વિશ્વ પ્રવાસન દિવસની થીમ 'Tourism and Jobs : a better future for all' છે.
- UNWTO અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રવાસન દ્વારા 10 ટકા નોકરીઓનું સર્જન થાય છે.



**નોંધ :** (1) <u>ગુજરાત</u>માં વર્ષ <u>2018-19</u> દરમિયાન <u>5.75 કરોડ</u> પ્રવાસી આવ્યા હતા. ગુજરાતમાં એક જ વર્ષમાં 5 કરોડ કરતા વધુ પ્રવાસી આવ્યા હોય તેવી આ <u>પ્રથમ</u> ઘટના છે.

(2) જોકે, વિદેશી પ્રવાસીઓને આકર્ષવાની બાબતમાં ગુજરાતનો સમાવેશ ભારતના ટોચના 10 રાજ્યોમાં પણ થતો નથી.

(3) વર્ષ <u>2018</u>માં ભારતમાં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ <u>મહારાષ્ટ્ર</u>માં આવ્યા હતા. <u>મહારાષ્ટ્ર</u> બાદ <u>બીજા</u> ક્રમે <u>તમિલનાડુ</u>માં અને <u>ત્રીજા</u> ક્રમે <u>ઉત્તરપ્રદેશ</u>માં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા.

(4) જ્યારે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન રિપોર્ટ અનુસાર વર્ષ <u>2018</u>માં સૌથી વધુ પ્રવાસીઓએ <u>ફ્રાન્સ</u>ની મુલાકાત લીધી હતી. <u>ફ્રાન્સ</u> બાદ <u>સ્પેન</u> <u>બીજા</u> અને <u>અમેરિકા</u> <u>ત્રીજા</u> ક્રમે છે.

(5) વર્ષ <u>2018</u>માં <u>ભારત</u>માં <u>1.74 કરોડ</u> <u>વિદેશી પર્યટકો</u> આવ્યા હતા.

## ➤ કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટે 'કૃષિ કિસાન' મોબાઈલ એપ લોન્ચ

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના <u>કૃષિ તથા ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમરે</u> <u>'કૃષિ કિસાન'</u> નામની એક <u>મોબાઈલ એપ</u> લોન્ચ કરી છે.



- આ મોબાઈલ એપના માધ્યમથી ખેડૂતોને <u>નવીન કૃષિ ટેક્નિકો</u> વિશેની માહિતી સહિત <u>ખેતી માટે ઉપયોગી</u> અન્ય માહિતી પણ મળી રહેશે.
- આ એપના માધ્યમથી ખેડૂતોને <u>હવામાનની આગાહી</u> અંગેની માહિતી પણ મળી રહેશે.
- આ અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે ભારતના <u>ચાર જિલ્લાઓ</u>માં આ એપના માધ્યમથી <u>ક્ષેત્રીય સ્તરના હવામાન</u> અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતના આ <u>ચાર જિલ્લાઓ</u>ના નામ આ પ્રમાણે છે :

(1) રાજકોટ (ગુજરાત)
(2) ભોપાલ (મધ્યપ્રદેશ)
(3) નાંદેડ (મહારાષ્ટ્ર)
(4) વારાણસી (ઉત્તરપ્રદેશ)

**નોંધ :** <u>ગૂગલ પ્લેસ્ટોર</u>ના માધ્યમથી આ એપ ફ્રીમાં ડાઉનલોડ કરી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ ભારતીય કોસ્ટગાર્ડના પેટ્રોલિંગ જહાજ 'વરાહ'નું જળાવતરણ

25 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે ચેન્નાઈ**ના **પોર્ટ ટ્રસ્ટ**માંથી '**ICGS વરાહ**'નું જળાવતરણ કરાવ્યું છે.

- **L & T (લાર્સન એન્ડ ટુબ્રો) શિપબિલ્ડિંગ લિમિટેડ** નામની કંપની દ્વારા **ચેન્નાઈ**ના **કટુપલ્લી શિપ બિલ્ડિંગ યાર્ડ**માં આ જહાજનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આશરે રૂ. 1432 કરોડના ખર્ચે **98 મીટર શ્રેણી**ના આવા **7 Offshor Patrol Vessel** (અપતટિય પેટ્રોલિંગ જહાજ) બનાવવા માટે **L & T** સાથે કરાર થયા હતા.
- જેમાંથી **'વરાહ' ચોથું** જહાજ છે.

### ICGS વરાહ

'વરાહ' અથવા તો '**ICGS વરાહ**' એ એક સ્વદેશી **પેટ્રોલિંગ જહાજ** છે.

- સમુદ્રી આતંકવાદ, ડ્રગ્સની દાણચોરી, અથડામણ, ઓઈલ લિકેજ, સ્વચ્છ સમુદ્ર અભિયાન વગેરે માટે આ જહાજ ઉપયોગી છે.
- ભારતમાં ICGS વરાહનો ઓપરેશન એરિયા **મેંગલુરુથી કન્યાકુમારી** સુધીનો રહેશે.
- આ જહાજ એડવાન્સ નેવિગેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીથી સજ્જ છે.
- તેની મહત્તમ ઝડપ 26 નોટિકલ માઈલ છે. ઓટોમેટેડ પાવર મેનેજમેન્ટથી તે 20 દિવસ સુધી ફ્યૂઅલ વિના પણ કામ કરી શકે છે.
- તે હેલિકોપ્ટર તથા હાઈ સ્પીડ બોટોને લઈ જવા માટે પણ સક્ષમ છે.

**નોંધ :** (1) આ જહાજનું 'વરાહ' નામ પુરાણોમાંથી લેવામાં આવ્યું છે.
(2) 'ICGS વરાહ'માં ICGSનું પૂરું નામ 'Indian Coast Gard Ship' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ પ્રવાસન દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ પ્રવાસન દિન'ની થીમ શું છે ?
(A) Sustainable Tourism
(B) Tourism and the Digital Transformation
(C) Tourism and Jobs : a better future for all
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. વર્ષ 2018માં સૌથી વધુ વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) કેરળ (B) મહારાષ્ટ્ર (C) તમિલનાડુ (D) ઉત્તરપ્રદેશ **(B)**

4. વર્ષ 2018માં સૌથી વધુ પ્રવાસીઓનું આગમન કયા દેશમાં થયું હતું ?
(A) ફ્રાન્સ (B) સ્પેન (C) અમેરિકા (D) સ્વિત્ઝર્લેન્ડ **(A)**

5. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ખેડૂતોને નવીન કૃષિ ટેક્નિકથી માહિતગાર કરવા માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) કૃષિ India (B) કિસાન India (C) કૃષિ વિજ્ઞાન (D) કૃષિ કિસાન **(D)**

6. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી 'કૃષિ કિસાન' એપમાં પ્રાયોગિક ધોરણે ભારતના ચાર જિલ્લાઓમાં ક્ષેત્રીય સ્તરના હવામાન અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે....આ ચાર જિલ્લાઓમાં ગુજરાતના કયા જિલ્લાનો સમાવેશ થયો છે ?
(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) રાજકોટ **(D)**

7. 25 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના કયા પેટ્રોલિંગ જહાજનું જળાવતરણ કરાવ્યું છે ?
(A) વિક્રમ (B) વરાહ (C) વિક્રમાદિત્ય (D) વિક્રાંત **(B)**

8. 25 સપ્ટેમ્બર 2019ના રોજ શ્રી રાજનાથ સિંહે 'ICGS વરાહ'નું ક્યાંથી જળાવતરણ કરાવ્યું છે ?
(A) કોચિ (B) ચેન્નાઈ (C) કોલકાતા (D) વિશાખાપટ્ટનમ **(B)**

9. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ICGS વરાહ' શું છે ?
(A) સબમરિન (B) યુદ્ધ જહાજ
(C) પેટ્રોલિંગ જહાજ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 28 SEPTEMBER, 2019 SATURDAY

**➤ દિવસ મહિમા : (1) વિશ્વ હડકવા દિવસ (World Rabies Day)**
**(2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for Universal Access to Information)**

### વિશ્વ હડકવા દિવસ



સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હડકવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ શ્રી લુઈસ પાશ્વરે કરી હતી.
- આથી શ્રી લુઈસ પાશ્વરની યાદમાં તેમની મૃત્યુતિથી 28 સપ્ટેમ્બર 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી લુઈસ પાશ્વરનો જન્મ 27 ડિસેમ્બર, 1822ના રોજ ફ્રાન્સમાં થયો હતો. અને ફ્રાન્સમાં જ 28 સપ્ટેમ્બર, 1895ના રોજ તેમનું નિધન થયું હતું.

## ➤ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા 'TB હારેગા દેશ જીતેગા' અભિયાન લોન્ચ




ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધન દ્વારા તાજેતરમાં 25 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'TB હારેગા દેશ જીતેગા' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાંથી TBની બિમારી સમાપ્ત કરવાનો છે.
- આ અભિયાન અંતર્ગત ટીબીથી પીડિત લોકોને સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં મફત અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત સારવાર મળી રહે તે સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2030 સુધીમાં સમગ્ર વિશ્વમાંથી TBની બિમારી દૂર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- જ્યારે ભારતે વર્ષ 2025 સુધીમાં ટીબીની બિમારી સમાપ્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

### TB

TBનું પૂરું નામ Tuberculosis છે.

- તેને 'ક્ષય રોગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- TB એ હવા દ્વારા ફેલાતો એક ચેપી રોગ છે.
- તે Mycobacterium Tuberculosis (માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસ) નામના બેક્ટેરિયાથી ફેલાય છે.
- આ બેક્ટેરિયા સામાન્ય રીતે ફેફસા પર હુમલો કરતા હોય છે. પરંતુ ઘણીવાર શરીરના અન્ય ભાગોને પણ નુકશાન પહોંચાડતા હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી સરદાર પટેલની યાદમાં રાષ્ટ્રીય એકતા માટે સર્વોચ્ચ નાગરિક સન્માનની સ્થાપના



કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારતમાં **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**ના નામથી **'રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા'** માટે **સર્વોચ્ચ નાગરિક સન્માન**ની સ્થાપના કરવામાં આવી છે.

- દર વર્ષે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન **31 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય એકતા દિવસ'**ના રોજ આ પુરસ્કાર વિજેતાની જાહેરાત થશે.
- અને ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનમાં યોજાતા **પદ્મ પુરસ્કાર** માટેના **સમારોહ**ની સાથે જ **રાષ્ટ્રપતિશ્રી**ના હસ્તે આ એવોર્ડ એનાયત થશે.
- ભારતમાં **રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા** માટે **અસાધારણ યોગદાન** આપનાર **ભારતીય**ને આ પુરસ્કાર એનાયત થશે.
- જેમણે કોઈને કોઈ રીતે રાષ્ટ્રીય એકતામાં યોગદાન આપ્યું હોય એવા તમામ ભારતીય નાગરિકો માટે આ પુરસ્કાર ખુલ્લો રહેશે.
- ભારતમાં ક્યાંય પણ જન્મેલી કોઈ પણ વયની કે કોઈ પણ વ્યવસાય કે ધર્મની વ્યક્તિ કે સંસ્થા આ એવોર્ડ માટે લાયક ગણાશે.
- **એક વર્ષ**માં વધુમાં વધુ **ત્રણ વ્યક્તિઓ**ને આ પુરસ્કાર એનાયત કરી શકાશે.
- આ એવોર્ડ અંતર્ગત **મેડલ અને સ્મૃતિ ચિહ્ન** અર્પણ થશે. પરંતુ કોઈ **રોકડ રકમ કે ગ્રાન્ટ આપવામાં આવશે નહિ.**


Obverse Reverse

### પસંદગી સમિતિ

આ એવોર્ડ વિજેતા વ્યક્તિની પસંદગી માટે **વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતા**માં એક સમિતિની રચના કરવામાં આવશે.

- જેમાં **કેબિનેટ સચિવ**, **વડાપ્રધાનશ્રીના મુખ્ય સચિવ**, **રાષ્ટ્રપતિશ્રીના સચિવ**, **ગૃહ સચિવ** આ સમિતિના સભ્યો રહેશે.
- જ્યારે વડાપ્રધાનશ્રી દ્વારા આ સમિતિના સભ્ય તરીકે મહત્ત્વની ત્રણ કે ચાર વ્યક્તિઓની પસંદગી કરવામાં આવશે.

**નોંધ :** (1) આ એવોર્ડ માટે ગૃહ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(2) આ એવોર્ડને **'સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર' (Sardar Patel National Unity Award)** નામ આપવામાં આવ્યું છે.

(3) કોઈ વિશેષ સ્થિતિને બાદ કરતા આ પુરસ્કાર મરણોપરાંત એનાયત થશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાત દિવસની અમેરિકાની મુલાકાત

તાજેતરમાં 21થી 27 સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાત દિવસ માટે અમેરિકાની મુલાકાત લીધી હતી.

- તેમની આ મુલાકાત અંગેની કેટલીક અગત્યની બાબતો આ પ્રમાણે છે :

### Howdy, Modi !

તેમની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 22 સપ્ટેમ્બર 2019ના રોજ અમેરિકામાં 'હાઉડી, મોદી!' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

- અમેરિકાના ટેક્સાસ નામના રાજ્યના હ્યુસ્ટન શહેરમાં NRG Stadium ખાતે આ કાર્યક્રમનું આયોજન થયું હતું.
- આ કાર્યક્રમ એક Community Summit હતી.
- જેનું આયોજન Texas India Forum (TIF) દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમિટની થીમ 'Shared Dreams, Bright Futures' હતી.
- આ સમિટમાં 50,000થી વધુ લોકોએ ભાગ લીધો હતો.
- પોપ સિવાય કોઈ વિદેશી નેતા દ્વારા આમંત્રિત કાર્યક્રમમાં એક સાથે આટલા બધા લોકો ઉપસ્થિત રહ્યા હોય તેવો અમેરિકાના ઈતિહાસનો આ પ્રથમ પ્રસંગ હતો.
- આ સમિટમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઉપસ્થિત રહ્યા હતા.
- કોઈ વિદેશી નેતાના આ પ્રકારના પ્રોગ્રામમાં અમેરિકાના કોઈ રાષ્ટ્રપતિ હાજર રહ્યા હોય તેવો પણ અમેરિકાના ઈતિહાસનો આ પ્રથમ પ્રસંગ હતો.

**નોંધ :** અમેરિકાની મોટી એનર્જી કંપની NRG Energy Inc.ના નામ પરથી NRG સ્ટેડિયમનું નામ રાખવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## વડાપ્રધાનશ્રી દ્વારા હ્યુસ્ટનમાં શ્રી સિદ્ધિ વિનાયક મંદિરનું ઉદ્‌ઘાટન

22 સપ્ટેમ્બર 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **અમેરિકાના** **ટેક્સાસ** નામના રાજ્યના **હ્યુસ્ટન** શહેરમાં '**શ્રી સિદ્ધિ વિનાયક મંદિર**'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- આ ઉપરાંત તેમણે **હ્યુસ્ટનમાં** જ નિર્માણ પામનાર '**ઈટર્નલ ગાંધી મ્યુઝિયમ**' (**શાશ્વત ગાંધી સંગ્રહાલય**)નો શિલાન્યાસ પણ કર્યો હતો.
- '**શ્રી સિદ્ધિ વિનાયક મંદિર**'ના ઉદ્‌ઘાટન તથા '**ઈટર્નલ ગાંધી મ્યુઝિયમ**'ના શિલાન્યાસ ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **હ્યુસ્ટનમાં** '**ગુજરાતી સમાજ ઓફ હ્યુસ્ટન ઈવેન્ટ સેન્ટર**'નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

## 'ગ્લોબલ ગોલ કીપર એવોર્ડ' દ્વારા વડાપ્રધાનશ્રીનું સન્માન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ અમેરિકા મુલાકાત દરમિયાન તેમને '**ગ્લોબલ ગોલ કીપર એવોર્ડ**'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- ભારતમાં '**સ્વચ્છ ભારત અભિયાન**' અંતર્ગત થયેલી શ્રેષ્ઠ કામગીરી માટે અમેરિકાના '**બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન**' દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- ભારતમાં 'સ્વચ્છ ભારત અભિયાન'માં આ ફાઉન્ડેશન મહત્ત્વનું ભાગીદાર છે.
- આ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ **2000**માં થઈ હતી.
- તેનું વડુંમથક અમેરિકાના **વોશિંગ્ટન** રાજ્યના **સિયેટલ** નામના શહેરમાં આવેલું છે.

**નોંધ :** 24 સપ્ટેમ્બર, 2019ના રોજ **ન્યુયોર્ક** ખાતે યોજાયેલા સમારોહમાં **માઈક્રોસોફ્ટના** સ્થાપક **શ્રી બિલ ગેટ્સના** હસ્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Caricom Leader's સાથે મુલાકાત




25 સપ્ટેમ્બર, 2019ના રોજ **અમેરિકાના** **ન્યુયોર્ક** ખાતે **પ્રથમ INDIA-CARICOM Leaders' Meeting**નું આયોજન થયું હતું.

- આ અંતર્ગત વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **કેરેબિયન દેશોના** સમૂહ **કેરિકોમ (Caricom)**ના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.
- જેમાં તેમણે કેરિકોમ સમૂહની સામાજિક વિકાસ યોજનાઓ માટે **14 મિલિયન અમેરિકન ડોલર** અને સૌર, નવીકરણીય ઉર્જા તથા ક્લાયમેટ ચેન્જ સંબંધિત યોજનાઓ માટે **150 મિલિયન અમેરિકન ડોલરની** **લાઈન ઓફ ક્રેડિટ** (એટલે કે લોન)ની જાહેરાત કરી હતી.

## UN General Assembly 74th Session



17થી 30 સપ્ટેમ્બર 2019 દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલા સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં સંયુક્ત રાષ્ટ્રની મહાસભાના 74મા સત્રનું આયોજન થયું હતું.

- આ અંતર્ગત યોજાયેલી 'ક્લાયમેટ એક્શન સમિટ 2019'માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ પર પહેલીવાર આયોજિત ઉચ્ચ સ્તરીય બેઠકને પણ સંબોધિત કરી હતી.
- આ બેઠકની થીમ 'યુનિવર્સલ હેલ્થ કવરેજ : મૂવિંગ ટુગેધર ટુ બિલ્ડ એ હેલ્ધિયર વર્લ્ડ' હતી.

નોંધ : આ ઉપરાંત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યુયોર્ક ખાતે આયોજિત સમારોહમાં બ્લૂમબર્ગ ગ્લોબલ બિઝનેસ ફોરમને પણ સંબોધન કર્યું હતું.

## સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરમાં 'ગાંધી સોલાર પાર્ક'નું ઉદ્‌ઘાટન

અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલા યુનાઈટેડ નેશન્સના હેડક્વાર્ટરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 50 કિલોવોટના 'ગાંધી સોલાર પાર્ક'નું ઉદ્‌ઘાટન કર્યું છે.

- આ સોલાર પાર્કમાં આશરે 193 જેટલી સૌર પેનલ લાગેલી છે.
- ભારત દ્વારા 1 મિલિયન ડોલરની મદદથી નિર્મિત આ સોલાર પેનલને સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટરની છત પર લગાવવામાં આવી છે.
- આ ઉપરાંત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેટ યુનિવર્સિટી ઓફ ન્યુયોર્કમાં હેડક્વાર્ટરમાં 'ગાંધી પીસ ગાર્ડન'નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



**નોંધ :** (1) મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં આ સોલાર પાર્ક તથા ગાંધી પીસ ગાર્ડનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

(2) સંયુક્ત રાષ્ટ્રના હેડક્વાર્ટર ખાતે આયોજિત '<u>Leadership Matters : Relevance of Gandhi in the Contemporary World</u>' કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીની યાદમાં વિશેષ <u>ટપાલ ટિકિટ</u> પણ લોન્ચ કરવામાં આવી છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ હડકવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર<br>(C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર | (C) |
| 2. | કોની મૃત્યુતિથી 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે ?<br>(A) શ્રી આલ્બર્ટ જોન્સ (B) શ્રી થોમસ માર્લો<br>(C) શ્રી લુઈસ પાશ્ચર (D) શ્રી આલ્બર્ટ મરે | (C) |
| 3. | 'માહિતીની સાર્વત્રિક પહોંચ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર<br>(C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર | (C) |
| 4. | ભારતમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા તાજેતરમાં ભારતમાંથી TBના ઉન્મૂલન માટે કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?<br>(A) TB ભગાવો દેશ બચાવો (B) TB હારેગા દેશ જીતેગા<br>(C) દેશ જાગેગા TB ભાગેગા (D) દેશ જાગેગા TB હારેગા | (B) |
| 5. | યુનાઈટેડ નેશન્સ દ્વારા ક્યાં સુધીમાં સમગ્ર વિશ્વમાંથી TBની નાબૂદી માટેનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?<br>(A) 2028 (B) 2030 (C) 2032 (D) 2035 | (B) |
| 6. | ભારતે ક્યાં સુધીમાં TBના ઉન્મૂલનનું (અથવા તો ભારતમાંથી TBની બિમારી સમાપ્ત કરવાનું) લક્ષ્ય રાખ્યું છે ?<br>(A) 2022 (B) 2025 (C) 2028 (D) 2030 | (B) |
| 7. | TBનું પૂરું નામ શું છે ?<br>(A) Tubercancer (B) Tubercalcis (C) Tubercalcanei (D) Tuberculosis | (D) |
| 8. | તાજેતરમાં ભારત સરકારે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની યાદમાં કયા સર્વોચ્ચ નાગરિક પુરસ્કારની સ્થાપના કરી છે ?<br>(A) સરદાર પટેલ રાષ્ટ્રીય પુરસ્કાર (B) સરદાર પટેલ નાગરિક પુરસ્કાર<br>(C) સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. દર વર્ષે બીજી ઓક્ટોબરના રોજ આ પુરસ્કાર વિજેતાની જાહેરાત થશે.
2. દર વર્ષે વધુમાં વધુ 3 વ્યક્તિઓને આ પુરસ્કાર એનાયત થશે.
3. દર વર્ષે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાતા પદ્મ પુરસ્કાર માટેના સમારોહમાં જ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે આ પુરસ્કાર અર્પણ થશે.
4. ભારતમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે અસાધારણ યોગદાન આપનાર ભારતીયને આ પુરસ્કાર એનાયત થશે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 3, 4 **(B)**

10. ભારતમાં કોની અધ્યક્ષતામાં અથવા તો કોના દ્વારા રચાયેલી સમિતિ દ્વારા 'સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર' વિજેતાની પસંદગી કરવામાં આવશે ?
(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ
(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

11. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેટલા દિવસ માટે અમેરિકાની મુલાકાત લીધી હતી ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(D)**

12. 22 સપ્ટેમ્બર 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના કયા શહેરમાં યોજાયેલા 'હાઉડી, મોદી !' કાર્યક્રમમાં ભાગ લીધો હતો ?
(A) ન્યુયોર્ક (B) વોશિંગ્ટન ડિ.સી. (C) હ્યુસ્ટન (D) સિયેટલ **(C)**

13. 22 સપ્ટેમ્બર 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં યોજાયેલા 'હાઉડી, મોદી !' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. હ્યુસ્ટન અમેરિકાના કયા રાજ્યમાં આવેલું છે ?
(A) ફ્લોરિડા (B) કેલિફોર્નિયા (C) અલાસ્કા (D) ટેક્સાસ **(D)**

14. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના ટેક્સાસના હ્યુસ્ટન ખાતે આવેલા કયા સ્ટેડિયમમાં 'હાઉડી મોદી !' કાર્યક્રમમાં ભાગ લીધો હતો ?
(A) NRI Stadium (B) NRG Stadium (C) NRM Stadium (D) MRG Stadium **(B)**

15. તાજેતરમાં અમેરિકામાં કોના દ્વારા આયોજિત 'હાઉડી મોદી !' કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો ?
(A) America India Forum (AIF) (B) America Gujarat Forum (AGF)
(C) Taxas India Forum (TIF) (D) Huston India Forum (HIF) **(C)**

16. તાજેતરમાં અમેરિકામાં યોજાયેલા 'હાઉડી, મોદી !' કાર્યક્રમની થીમ શું હતી ?
(A) India The Global Leader (B) India-America Global Partners
(C) Shared Idea, Better World (D) Shared Dreams, Bright Futures **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા શહેરમાં 'શ્રી સિદ્ધિ વિનાયક મંદિર'નું ઉદ્‌ઘાટન કર્યું છે ?
(A) ન્યુયોર્ક (B) હ્યુસ્ટન (C) વોશિંગ્ટન ડિ.સી. (D) સિયેટલ **(B)**

18. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઈટર્નલ ગાંધી મ્યુઝિયમ' (અથવા તો 'શાશ્વત ગાંધી સંગ્રહાલય')નો કયા શહેરમાં શિલાન્યાસ કરાવ્યો છે ?
(A) ન્યુયોર્ક (B) હ્યુસ્ટન (C) શિકાગો (D) સિયેટલ **(B)**

19. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તાજેતરમાં તેમની અમેરિકાની મુલાકાત દરમિયાન કયો પુરસ્કાર એનાયત થયો છે ?
(A) ગોલ્ડન ગ્લોબલ એવોર્ડ (B) ગોલ્ડન ગોલ એવોર્ડ
(C) ગોલ્ડન ગોલ કીપર એવોર્ડ (D) ગોલ્ડન ગ્લોરી એવોર્ડ **(C)**

20. 'ગોલ્ડન ગોલ કીપર એવોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તાજેતરમાં શ્રી બિલ ક્લિન્ટનના હસ્તે ન્યુયોર્ક ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો છે.
2. બિલ એન્ડ મેલિંડા ક્લિન્ટન ફાઉન્ડેશન દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુરસ્કાર એનાયત થયો છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બંનેમાંથી એકપણ નહિ **(D)**

21. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ઈન્ડિયા–કેરિકોમ લીડર્સ વચ્ચેની પ્રથમ બેઠકનું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) હવાના (C) સેન્ટ જોન્સ (D) ન્યુયોર્ક **(D)**

22. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેરેબિયન દેશોના કયા સમૂહને કુલ 164 મિલિયન અમેરિકન ડોલરની લાઈન ઓફ ક્રેડિટ આપવાની જાહેરાત કરી હતી ?
(A) GRULAC (B) CARBIN (C) CARICOM (D) CARIBIN **(C)**

23. સપ્ટેમ્બર 2019 દરમિયાન સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી (અથવા તો મહાસભા)ના કેટલામા સત્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા ?
(A) 71મા (B) 72મા (C) 73મા (D) 74મા **(D)**

24. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાની છત પર ભારત દ્વારા સોલાર પેનલ લગાવવામાં આવી છે (અથવા તો 'ગાંધી સોલાર પાર્ક'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે) ?
(A) વર્લ્ડ બેન્ક (B) યુનેસ્કો (C) યુનિસેફ (D) યુનાઈટેડ નેશન્સ **(D)**

25. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર (અથવા તો United Nations - UN)ની છત પર ભારત દ્વારા લગાવવામાં આવેલા કેટલા કિલોવોટના 'ગાંધી સોલાર પાર્ક'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?
(A) 25 (B) 50 (C) 100 (D) 150 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ડેલાવેયર બાદ અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટ સાથે ગુજરાતના સિસ્ટર સ્ટેટ તરીકેના MOU

તાજેતરમાં ગુજરાત સરકારે અમેરિકાના ડેલાવેયર નામના રાજ્ય સાથે સિસ્ટર સ્ટેટના MOU કર્યા હતા. અને આ સાથે ડેલાવેયર ગુજરાત સરકારે જેની સાથે સિસ્ટર સ્ટેટના MOU કર્યા હોય એવું અમેરિકાનું પ્રથમ રાજ્ય બન્યું હતું. ડેલાવેયર બાદ હવે ગુજરાત સરકારે અમેરિકાના ન્યૂજર્સી નામના રાજ્ય સાથે સિસ્ટર સ્ટેટના MOU કર્યા છે. ગુજરાતના ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ન્યૂજર્સીના ગવર્નર શ્રી ફિલીપ મૂર્ફી વચ્ચે આ MOU થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ કઠોળના પાકોના ઉત્પાદનની વૃદ્ધિ માટે ગુજરાતના કૃષિ વિભાગને 'કૃષિ કર્મણ એવોર્ડ' એનાયત

ભારતમાં અનાજના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ 2010-11થી 'કૃષિ કર્મણ એવોર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત વર્ષ 2017-18 દરમિયાન કઠોળના ઉત્પાદન અને ઉત્પાદકતા અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત સરકારના કૃષિ વિભાગને 'કૃષિ કર્મણ એવોર્ડ' એનાયત થયો છે. આ એવોર્ડ અંતર્ગત ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યના કૃષિ વિભાગને રૂ. 1 કરોડનો પુરસ્કાર તથા પ્રશસ્તિપત્ર એનાયત થશે. વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતમાં કુલ 9.08 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર દ્વારા 9.22 લાખ મેટ્રિક ટન કઠોળનું ઉત્પાદન થયું હતું. વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતમાં એવરેજ પ્રતિ હેક્ટર 1015 કિલો ગ્રામ કઠોળનું ઉત્પાદન થયું હતું.

## ભારત

### ➤ IIFL Wealth Hurun India Listમાં શ્રી મુકેશ અંબાણી સતત 8મા વર્ષે સૌથી અમીર ભારતીય બન્યા

ભારતના સૌથી વધુ અમીર ઉદ્યોગપતિઓની તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી IIFL Wealth Hurun India List નામની યાદીમાં શ્રી મુકેશ અંબાણી સતત 8મા વર્ષે પ્રથમ ક્રમે છે. જ્યારે શ્રી એસ.પી. હિન્દુજા પરિવાર આ યાદીમાં બીજા અને શ્રી અઝીમ પ્રેમજી ત્રીજા ક્રમે છે.

## ➤ શ્રી અમિતાભ બચ્ચનને વર્ષ 2018નો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત થશે

વર્ષ 2018ના દાદાસાહેબ ફાળકે પુરસ્કાર માટે ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનની પસંદગી કરવામાં આવી છે. શ્રી અમિતાભ બચ્ચને 1969માં 'સાત હિન્દુસ્તાની' ફિલ્મથી પોતાની અભિનેતા તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ એવોર્ડ વિજેતા શ્રી અમિતાભ બચ્ચનને વર્ષ 2007માં ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'The Knight of the Legion of Honour'થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમણે અનેક નેશનલ એવોર્ડ તથા ફિલ્મ ફેર એવોર્ડ જીત્યા છે. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એ ભારતીય સિનેમામાં કોઈ વ્યક્તિના આજીવન યોગદાનને ધ્યાનમાં રાખીને અપાતો ભારતનો સર્વોચ્ચ ફિલ્મ પુરસ્કાર છે. આ પુરસ્કાર અંતર્ગત રૂ. 10 લાખ રોકડા તથા સ્વર્ણ કમળ આપવામાં આવે છે. 1969માં સૌપ્રથમ સુશ્રી દેવિકા રાણીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ➤ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા વસતી ગણતરી ભવનનો શિલાન્યાસ

ભારતના ગૃહ મંત્રી શ્રી અમિત શાહે તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારતના વસતી ગણતરી ભવનનો શિલાન્યાસ કર્યો છે. ગ્રીન બિલ્ડિંગના કોન્સેપ્ટથી સાત માળના આ બિલ્ડિંગનું નિર્માણ વર્ષ 2021 સુધીમાં થઈ જશે. ભારતમાં વર્ષ 2021માં કુલ 16મી તથા આઝાદી બાદ ભારતની 8મી વસતી ગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં સૌપ્રથમ વખત વસતી ગણતરી માટે મોબાઈલ એપ તથા અન્ય આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થશે. જેમાં 16 ભાષાઓમાં માહિતી આપી શકાશે. ભારતમાં સૌપ્રથમ વખત વાઈસરોય લોર્ડ રિપન દ્વારા 1872માં વસતી ગણતરી થઈ હતી. જોકે ભારતની સૌપ્રથમ વખત પૂર્ણ વસતી ગણતરી 1881માં થઈ હતી. ભારતમાં છેલ્લે વર્ષ 2011માં 15મી વસતી ગણતરી થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ પ્રથમ 'ટાઈગર ટ્રાઈમ્ફ' યુદ્ધ અભ્યાસ 2019

'ટાઈગર ટ્રાઈમ્ફ' એ ભારત અને અમેરિકાની આર્મી, નેવી અને એરફોર્સ એમ ત્રણેય સેનાઓ દ્વારા યોજાનારો પ્રથમ ત્રિ-સેવા યુદ્ધ અભ્યાસ છે. ભારતમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ અને કાકીનાડામાં નવેમ્બર 2019 દરમિયાન આ યુદ્ધ અભ્યાસ યોજાશે. તાજેતરમાં 22 સપ્ટેમ્બર 2019ના રોજ અમેરિકામાં યોજાયેલા 'હાઉડી, મોદી !' કાર્યક્રમમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે આ યુદ્ધ અભ્યાસનો ઉલ્લેખ કર્યો હતો.

## ➤ ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા 6 નવા દેશો માટે સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરવામાં આવી

ભારતમાં કોમ્યુનિકેશન મંત્રાલય અંતર્ગતના પોસ્ટ વિભાગ દ્વારા એશિયા, યુરોપ અને દક્ષિણ અમેરિકાના છ નવા દેશો માટે ઈન્ટરનેશનલ સ્પીડ પોસ્ટ સર્વિસ શરૂ કરવામાં આવી છે. આ છ દેશોમાં બોસ્નિયા & હેર્ઝેગોવિના, બ્રાઝિલ, ઈક્વાડોર, કઝાખસ્તાન, લિથુઆનિયા અને નોર્થ મેસેડોનિયાનો સમાવેશ થાય છે. ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા વિશ્વના લગભગ 100 જેટલા દેશોમાં સ્પીડ પોસ્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## ➤ ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે ત્રિપક્ષીય નૌસેના યુદ્ધ અભ્યાસ યોજાયો

તાજેતરમાં 16થી 20 સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતમાં આંદમાન અને નિકોબારના પોર્ટ બ્લેર ખાતે ભારત, સિંગાપોર અને થાઈલેન્ડની નૌસેના વચ્ચે પાંચ દિવસીય યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું. જેમાં સિંગાપોર તરફથી HTMS ક્રાબુરી અને ભારત તરફથી INS રણવીર, INS કોરા તથા OPV સુકન્યાએ ભાગ લીધો હતો. જૂન 2018માં યોજાયેલ શાંગ્રી-લા ડાયલોગ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ત્રિપક્ષીય યુદ્ધ અભ્યાસની જાહેરાત કરી હતી.

# વિશ્વ

## ➤ લેવર કપ 2019માં ટીમ યુરોપ સતત ત્રીજી વખત ચેમ્પિયન

તાજેતરમાં 20થી 22 સપ્ટેમ્બર 2019 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે લેવર કપ 2019નું આયોજન થયું હતું. જેમાં વર્લ્ડ ટીમને પરાજય આપીને ટીમ યુરોપે આ ટુર્નામેન્ટ સતત ત્રીજી વખત જીતી લીધી છે. લેવર કપ એ બ્લેક કોર્ટ પર રમાતી વિશ્વની એક માત્ર ટેનિસ ટુર્નામેન્ટ છે. વર્ષ 2017થી વર્લ્ડ ટીમ અને ટીમ યુરોપ વચ્ચે દર વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે. જેમાંથી અત્યાર સુધી યોજાયેલી તમામ ત્રણેય ટુર્નામેન્ટ ટીમ યુરોપે જીતી લીધી છે.

## ➤ એશિયન વિકાસ બેંક દ્વારા ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો

સપ્ટેમ્બર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા એશિયન વિકાસ બેંક (Asian Development Bank - ADB)ના રિપોર્ટ અનુસાર વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર 6.5 ટકા રહેવાનો અંદાજ છે. આ અગાઉ ADB દ્વારા જુલાઈ 2019 અને એપ્રિલ 2019માં પ્રસિદ્ધ થયેલા Asian Development Outlookમાં આ અંદાજ ક્રમશઃ 7.0 ટકા અને 7.2 ટકા વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે હવે ઘટાડીને 6.5 ટકા કરવામાં આવ્યો છે. એશિયન ડેવલપમેન્ટ બેન્કની સ્થાપના 19 ડિસેમ્બર 1966ના રોજ થઈ હતી. અને તેનું વડુંમથક ફિલિપન્સમાં મેટ્રોપોલિટન મનિલાના મન્ડાલ્યુયોંગ નામના શહેરમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ફોર્બ્સની વિશ્વની સૌથી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓની યાદીમાં ભારતની ઈન્ફોસિસ ત્રીજા ક્રમે

તાજેતરમાં ફોર્બ્સ મેગેઝિન દ્વારા 'વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત (250) કંપનીઓ'ની એક યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ભારતની 18 કંપનીઓનો સમાવેશ થયો છે. આ યાદીમાં VISA પ્રથમ ક્રમે છે. ત્યારબાદ Ferrari બીજા અને ભારતની Infosys ત્રીજા ક્રમે છે. જ્યારે Infosys બાદ ભારતની TCS 22મા અને TATA Motors 31મા ક્રમે છે. આ યાદીમાં ટોચની 50 અથવા તો ટોચની 100 કંપનીઓમાં ઈન્ફોસિસ, TCS અને ટાટા મોટર્સ એમ આ ત્રણ કંપનીઓનો સમાવેશ થયો છે. TCSનું પૂરું નામ 'TATA Consultancy Services' છે.

## ➤ ભારત-અમેરિકા વચ્ચે 15મો 'યુદ્ધ અભ્યાસ 2019' યોજાયો

તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન અમેરિકાના વોશિંગ્ટન નામના રાજ્યના Joint Base Lewis - Mcchord ખાતે ભારત અને અમેરિકાની સેના વચ્ચે 'યુદ્ધ અભ્યાસ 2019' નામથી એક યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું. આ યુદ્ધ અભ્યાસનો પ્રારંભ 2004થી થયો હતો. તાજેતરમાં તેના 15મા સંસ્કરણનું આયોજન થયું હતું.

ICE Questions

- ડેલાવેયર બાદ ગુજરાત સરકારે તાજેતરમાં અમેરિકાના બીજા કયા રાજ્ય સાથે 'સિસ્ટર સ્ટેટ' તરીકેના MOU કર્યા છે ? – ન્યૂજર્સી
- કઠોળના પાકોના ઉત્પાદનની વૃદ્ધિ માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યના કૃષિ વિભાગને 'કૃષિ કર્મણ એવોર્ડ' એનાયત થયો છે ? – ગુજરાત
- કયા વર્ષ દરમિયાન કઠોળના ઉત્પાદન અને ઉત્પાદકતા અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત સરકારના કૃષિ વિભાગને 'કૃષિ કર્મણ એવોર્ડ' એનાયત થયો છે ? – 2017-18
- વર્ષ 2017-18 દરમિયાન કઠોળના ઉત્પાદન અને ઉત્પાદકતા અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારના કૃષિ વિભાગની કયા એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે ? – કૃષિ કર્મણ એવોર્ડ
- 'કૃષિ કર્મણ એવોર્ડ' અંતર્ગત ગુજરાત સરકારના કૃષિ વિભાગને કેટલા રૂપિયાનો રોકડ પુરસ્કાર મળશે ? – રૂ. 1 કરોડ
- વર્ષ 2017-18 દરમિયાન ગુજરાતમાં કેટલા મેટ્રિક ટન કઠોળનું ઉત્પાદન થયું હતું ? – 9.22 લાખ મેટ્રિક ટન
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા IIFL વેલ્થ હુરુન ઈન્ડિયા લિસ્ટમાં સતત આઠમા વર્ષે પ્રથમ ક્રમે રહેલા ભારતના સૌથી ધનવાન ઉદ્યોગપતિ કોણ છે ? – શ્રી મુકેશ અંબાણી
- તાજેતરમાં વર્ષ 2018ના દાદા સાહેબ ફાળકે પુરસ્કાર માટે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી અમિતાભ બચ્ચન
- સૌપ્રથમ 1969માં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા પ્રથમ વ્યક્તિ કોણ છે ? – સુશ્રી દેવિકા રાણી
- ભારતમાં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર અંતર્ગત કેટલી રોકડ રકમ આપવામાં આવે છે ? – રૂ. 10 લાખ
- તાજેતરમાં ભારતમાં નવી દિલ્હી ખાતે નવ નિર્મિત વસતી ગણતરી ભવનનો શિલાન્યાસ કોણે કરાવ્યો છે ? – શ્રી અમિત શાહ
- વર્ષ 2021માં ભારતમાં કેટલામી વસતી ગણતરી યોજાશે ? – 16મી
- નવેમ્બર 2019 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે પ્રથમ 'ટાઈગર ટ્રાઈમ્ફ' યુદ્ધ અભ્યાસ યોજાશે ? – અમેરિકા
- નવેમ્બર 2019 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કઈ જગ્યાએ પ્રથમ 'ટાઈગર ટ્રાઈમ્ફ' યુદ્ધ અભ્યાસ યોજાશે ? – આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ અને કાકીનાડામાં
- નવેમ્બર 2019 દરમિયાન ભારતના આંધ્રપ્રદેશમાં યોજાનાર 'ટાઈગર ટ્રાઈમ્ફ' યુદ્ધ અભ્યાસમાં ભારત અને અમેરિકાની કઈ સેના ભાગ લેશે ? – આર્મી, નેવી અને એરફોર્સ ત્રણેય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તાજેતરમાં કેટલા નવા દેશો માટે સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરવામાં આવી છે ? – છ
- તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત અને બીજા કયા દેશો વચ્ચે ત્રિપક્ષીય નૌસેના યુદ્ધ અભ્યાસ યોજાયો હતો ? – ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ
- તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે કઈ જગ્યાએ ત્રિપક્ષીય નૌસેના યુદ્ધ અભ્યાસ યોજાયો હતો ? – પોર્ટ બ્લેર (આંદમાન નિકોબાર)
- 'બ્લેક કોર્ટ' પર રમાતી વિશ્વની એક માત્ર ટેનિસ ટુર્નામેન્ટનું નામ શું છે ? – લેવર કપ
- લેવર કપ 2019માં સતત ત્રીજી વખત વિજેતા ટીમનું નામ શું છે ? – ટીમ યુરોપ
- તાજેતરમાં ટીમ યુરોપે કઈ ટીમને પરાજય આપીને સતત ત્રીજી વખત લેવર કપ જીતી લીધો છે ? – વર્લ્ડ ટીમ
- સપ્ટેમ્બર 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા એશિયન વિકાસ બેંકના અંદાજ અનુસાર વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 6.5 ટકા
- એશિયન વિકાસ બેંકનું વડુંમથક કયાં આવેલું છે ? – ફિલિપિન્સના મનિલામાં અથવા તો ફિલિપિન્સના મેટ્રોપોલિટન મનિલાના મન્ડાલ્યુયોંગમાં
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની સૌથી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓની યાદીમાં ભારતની કઈ કંપની ત્રીજા ક્રમે છે ? – ઈન્ફોસિસ
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની સૌથી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓની યાદીમાં ભારતની કંપનીઓમાં કઈ કંપની પ્રથમ ક્રમે છે ? – ઈન્ફોસિસ
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની સૌથી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓની યાદીમાં વિશ્વની કઈ કંપની પ્રથમ ક્રમે છે ? – VISA
- તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કયા નામથી સૈન્ય અભ્યાસનું આયોજન થયું હતું ? – યુદ્ધ અભ્યાસ 2019
- તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત અને કયા દેશની સેના વચ્ચે 'યુદ્ધ અભ્યાસ 2019' યોજાયો હતો ? – અમેરિકા
- તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત અને અમેરિકાની સેના વચ્ચે કઈ જગ્યાએ 'યુદ્ધ અભ્યાસ 2019'નું આયોજન થયું હતું ? – જોઈન્ટ બેઝ લેવિસ મેક્કોર્ડ, વોશિંગ્ટન (અમેરિકા)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. 1 નવેમ્બર 2019થી 20 ફેબ્રુઆરી 2020 સુધી ગુજરાતમાં કઈ જગ્યાએ રણોત્સવનું આયોજન કરવામાં આવશે ?

– કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં

2. ગુજરાત રાજ્ય મહિલા આયોગના વર્તમાન (22 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) ચેરપર્સન કોણ છે ?

– શ્રીમતી લીલાબેન અંકોલિયા

3. 17 સપ્ટેમ્બર 2019ને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાતના આશરે 15010 જેટલા કયા કેન્દ્રો દ્વારા ગુજરાતમાં 25252 જેટલા મા કાર્ડ તથા 46651 જેટલા આયુષ્માન ભારત કાર્ડનું ગરીબ જરૂરતમંદ વ્યક્તિઓને વિતરણ કરવામાં આવ્યું હતું ? – વિવેકાનંદ યુવા કેન્દ્રો

4. ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના કયા ગામમાં પીઠોરા ઈન્દ ઉજવણી અંતર્ગત પીઠોરા પેઈન્ટિંગમાં ઘોડા, હાથી, વાઘ, સિંહ, ગાય, બળદ, ભેંસ, બકરી વગેરે જેવા તમામ પશુઓ સાથે વપરાતી શેરડી કેળના પાન રોપવામાં આવે છે અને ચારે બાજુ મોટા ઢોલ (રામ ઢોલ)ની તાલે આખી રાત નાચ ગાન અને સવારે નદી કે તળાવમાં વળાવી દેવામાં આવે છે ? – ઘોઘંબા તાલુકાના નવાનગર ગામમાં

5. ગુજરાતમાં ખાસ કરીને કયા આદિવાસીઓ દ્વારા ઘરમાં સુખ શાંતિ રહે અને કોઈ બીમારી ન આવે તે માટે પીઠોરા દેવની પૂજા કરાય છે અને તેમાં વિવિધ ચિત્રો દોરાય છે ? – રાઠવા આદિવાસીઓ (છોટા ઉદેપુર)

6. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સની ઉચ્ચ સ્તરીય ક્લાયમેટ એક્શન સમિટ દરમિયાન ક્લાયમેટ ચેન્જ મુદ્દે હૃદયદ્રાવક ભાષણ આપનાર સ્વીડનની 16 વર્ષીય પર્યાવરણ એક્ટિવિસ્ટનું નામ શું છે ? – સુશ્રી ગ્રેટા થનબર્ગ

7. શ્રી માધવ આપ્ટેનો સંબંધ કઈ રમત સાથે છે ? – ક્રિકેટ

8. એક જ ટેસ્ટ શ્રેણીમાં 400થી વધુ રન નોંધાવનાર પ્રથમ ભારતીય ઓપનરનું નામ શું છે ? – શ્રી માધવ આપ્ટે

9. ભારતના પૂર્વ ક્રિકેટર શ્રી માધવ આપ્ટેનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?

– મુંબઈ (મહારાષ્ટ્ર)

10. તાજેતરમાં જ ભારતમાં જસ્ટિસ વી. રામાસુબ્રમણ્યમ, જસ્ટિસ ઋષિકેશ રોય, જસ્ટિસ કૃષ્ણ મુરારી અને જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ્ટને ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકેના શપથ કોણે અપાવ્યા હતા ?

– સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ભારતમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને શપથ કોણ અપાવે છે ?

– રાષ્ટ્રપતિ અથવા રાષ્ટ્રપતિ દ્વારા આ માટે નિયુક્ત કરવામાં આવેલ કોઈ વ્યક્તિ

12. તાજેતરમાં બ્રિટનની 178 વર્ષથી વધુ જૂની કઈ ટ્રાવેલ કંપનીએ પોતાનો બિઝનેસ બંધ કરવાની જાહેરાત કરતા આશરે 22000 જેટલા કર્મચારીઓની નોકરી છીનવાઈ ગઈ છે ? – થોમસ કૂક

13. ભારતમાં પ્રથમ વખત NBA Basketball ટુર્નામેન્ટ અથવા તો NBA India Games 2019નું આયોજન કયાં થયું છે ? – મુંબઈ

(4-5 ઓક્ટોબર, 2019 દરમિયાન મુંબઈ ખાતે યોજાનાર આ ટુર્નામેન્ટમાં મને આમંત્રણ આપશો...એવું અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે 'હાઉડી મોદી' કાર્યક્રમમાં કહ્યું હતું.)

14. NBA નું પૂરું નામ શું છે ? – National Basketball Association

15. ગુજરાતમાં સૌપ્રથમ વખત વિદ્યાર્થીઓની પેપરલેસ પરીક્ષા લેવા માટે તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીએ સિંગાપોરની એક કંપની સાથે કરાર કર્યા છે ?

– ચારૂસેટ યુનિવર્સિટી (Charotar University of Science and Technology - CHARUSAT)

16. ગુજરાતના કયા જિલ્લાની પિઠોરા ચિત્રકલા વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ થઈ છે ? – છોટા ઉદેપુર

17. ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરતા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતી વખતે ભારતીય બંધારણની કઈ અનુસૂચિમાં આપેલા નમૂના અનુસાર શપથ લેવાના હોય છે ? – ત્રીજી અનુસૂચિ

18. ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરતા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતી વખતે ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત શપથ લેવાના હોય છે ? – અનુચ્છેદ 173(ક)

19. ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરતા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતી વખતે ભારતીય બંધારણના અનુચ્છેદ 173(ક) અનુસાર કોની સમક્ષ શપથ લેવાના હોય છે ?

– ચૂંટણી આયોગ દ્વારા તે હેતુ માટે અધિકૃત કરાયેલ વ્યક્તિ સમક્ષ

20. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર શૈક્ષણિક વર્ષ 2019-20થી હવે ગુજરાતમાં કયા ધોરણમાં પણ વિદ્યાર્થીને નાપાસ જાહેર કરી શકાશે...કે જે અગાઉ નાપાસ કરી શકાતા ન હતા ? – ધોરણ 5 અને 8

21. તાજેતરમાં કયા મહિલાએ ભારતના બેડમિન્ટન કોચ પદેથી રાજીનામું આપ્યું છે...કે જેમની સુશ્રી પી.વી. સિંધૂને ગોલ્ડ મેડલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા હતી ? – સુશ્રી કિમ જી હ્યુન (દક્ષિણ કોરિયા)

22. તાજેતરમાં કઈ સહકારી બેંકમાં કથિત ગેરરીતિ પકડાતા RBIએ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ 1949ની કલમ 35 A હેઠળ તે બેન્ક પર અંકુશ મૂક્યો છે...અને બેંકના કોઈ પણ થાપણદારો અથવા તો ખાતેદારો અગાઉ રૂ. 1000થી વધુ અને હવે રૂ. 10,000થી વધુ રકમ બેંકમાંથી ઉપાડી નહિ શકે તેવું ફરમાન જારી કર્યું છે ?

– PMC બેન્ક (પંજાબ અને મહારાષ્ટ્ર કો–ઓપરેટિવ બેન્ક)

23. લગભગ ભારતના 8 રાજ્યોમાં શાખા ધરાવતી PMC બેન્કનું હેડક્વાર્ટર કયાં આવેલું છે ? – મુંબઈ

24. 24 સપ્ટેમ્બર 2019ના રોજ પાકિસ્તાનમાં આવેલા લગભગ 5.8ની તીવ્રતાના ભૂકંપમાં 20થી વધુ લોકોનાં મોત થયા હતા....યુએસ જીયોલોજિકલ સર્વે અનુસાર આ ભૂકંપનું એપી સેન્ટર કયા સ્થળ નજીક હતું ?

– મીરપુર અથવા તો ન્યુ મીરપુર નજીક

25. 24 સપ્ટેમ્બર 2019ના રોજ પાકિસ્તાનમાં આવેલા ભૂકંપમાં સૌથી વધુ નુકસાન કયા સ્થળે થયું હતું ? – મીરપુર

26. પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર (કુલપતિ) શ્રી બી.એસ. પ્રજાપતિના સ્થાને તાજેતરમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર (કાર્યકારી કુલપતિ) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– ડો. અનિલ નાયક

27. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ભારતના કયા રાજ્યમાં અથવા તો કયા રાજ્યની સરહદેથી ડ્રોન દ્વારા આતંકવાદીઓને હથિયાર સપ્લાય કરવામાં આવ્યા હતા ? – પંજાબ

28. તાજેતરમાં કયા દેશે વિશ્વના સૌથી મોટા ટ્રાન્સપોર્ટ સ્પેસ ક્રાફટને ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન (ISS)ની સફરે સફળતાપૂર્વક મોકલ્યું છે ? – જાપાન

29. તાજેતરમાં પંજાબના કયા જિલ્લામાંથી પાકિસ્તાન દ્વારા ડ્રોનથી મોકલાયેલા AK-47 રાઈફલ સહિતના હથિયારો મળી આવ્યા હતા ? – તરણતારણ (અથવા તો તરણતારણ જિલ્લાના રાજોકે ગામમાંથી)

30. નોબેલ પુરસ્કારના વિકલ્પરૂપ ગણાતા 'રાઈટ લાઈવલીહુડ પુરસ્કાર 2019' માટે તાજેતરમાં કયા પર્યાવરણ ચળવળકર્તાની પસંદગી કરવામાં આવી છે ? – સુશ્રી ગ્રેટા થનબર્ગ (સ્વીડન)

31. IAAF (International Association of Athletics Federations) દ્વારા તાજેતરમાં ભારતના કયા એથલીટ અથવા તો ખેલાડીને વેટરન પિનથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી પી.ટી. ઉષા

32. તાજેતરમાં કયા દેશના વડાપ્રધાને ભારતની પંજાબ નેશનલ બેન્ક કૌભાંડના આરોપી મેહુલ ચોક્સીને પોતાના દેશમાંથી ભારત પાછા જવું પડશે એવું નિવેદન કર્યું છે ? – એન્ટીગુઆ

33. એન્ટિગુઆના વર્તમાન (26 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) વડાપ્રધાનનું નામ શું છે ? – શ્રી ગેસ્ટન બ્રાઉન

34. ઈસરોના વડા શ્રી કે. સિવને તાજેતરમાં તેમની અમદાવાદ મુલાકાત દરમિયાન કરેલી જાહેરાત અનુસાર ભારત ક્યાં સુધીમાં સમાનવ અંતરિક્ષ યાન 'ગગનયાન' લોન્ચ કરશે ?

– ડિસેમ્બર 2021માં અથવા તો 15 ઓગસ્ટ, 2022 પહેલા

35. તાજેતરમાં ભારતના કોઈ રાજ્યના ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ બનનાર ભારતના પ્રથમ મહિલાનું નામ શું છે ?

– સુશ્રી રૂપા ગુરુનાથ

36. તાજેતરમાં સુશ્રી રૂપા ગુરુનાથની ભારતના કયા રાજ્યના ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી છે ? – તમિલનાડુ

37. તમિલનાડુ ક્રિકેટ એસોસિયેશન (TNCA)ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ?

– સુશ્રી રૂપા ગુરુનાથ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

38. ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (GCA)ના અધ્યક્ષ અથવા તો પ્રમુખ પદેથી તાજેતરમાં કોણે રાજીનામું આપ્યું છે ?
– શ્રી અમિત શાહ

39. ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (GCA)ના નાયબ અધ્યક્ષ અથવા તો ઉપપ્રમુખ શ્રી પરિમલ નથવાણીના રાજીનામા બાદ GCAના નવા ઉપપ્રમુખ તરીકે તાજેતરમાં કોણ ચૂંટાઈ આવ્યું છે ?
– શ્રી ધનરાજ નથવાણી (શ્રી પરિમલ નથવાણીના પુત્ર)

40. તાજેતરમાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ રેંટિયા બારસના રોજ સૂર્ય ઊર્જા સંચાલિત ગુજરાતનું પ્રથમ કતાઈ–વણાટ સંકુલ ગુજરાતના કયા શહેરમાં ખુલ્લું મૂકાયું છે ? – રાજકોટ

41. તાજેતરમાં 21 સપ્ટેમ્બર 2019ના રોજ ભારતમાં કેન્દ્રીય ચૂંટણી પંચે ભારતના 18 રાજ્યોમાં પેટા ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી...હવે ચૂંટણી પંચે આ 18 રાજ્યોમાંથી કયા રાજ્યમાં યોજાનાર વિધાનસભાની 15 બેઠકો પરની પેટા ચૂંટણી મોકૂફ રાખી છે ? – કર્ણાટક

42. તાજેતરમાં 'ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા માટેની સિસ્ટમ : અવસરો અને પડકારો' પર ભારતમાં કઈ જગ્યાએ નેશનલ સેમિનારનું આયોજન થયું હતું ? – અમદાવાદ
(અમદાવાદના ઈસરો સેન્ટરમાં, જેમાં ઈસરોના વડા શ્રી કે. સિવન ઉપસ્થિત રહ્યા હતા.)

43. 27 સપ્ટેમ્બર 2019ના રોજ ક્યાંથી IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2019નો પ્રારંભ થયો છે ?
– ખલિફા સ્ટેડિયમ, દોહા (કતાર)

44. તાજેતરમાં પાકિસ્તાને કરેલી અપીલ બાદ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે કયા આતંકીને પોતાના અને પરિવારના ભરણપોષણ માટે પર્સનલ બેન્ક એકાઉન્ટમાંથી નાણાં ઉપાડવાની છૂટ આપી છે ? – હાફિઝ સઈદ

45. IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનું આયોજન કરનાર મધ્ય એશિયાના પ્રથમ દેશનું નામ શું છે ? – કતાર

46. તાજેતરમાં કયા શહેરમાં યોજાયેલી સંયુક્ત રાષ્ટ્રની ક્લાયમેટ ચેન્જ અંગેની સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું ? – ન્યુયોર્ક

47. તાજેતરમાં કયા દેશની ટ્રાવેલ કંપની થોમસ કૂકે નાદારી જાહેર કરતા લગભગ 22,000 જેટલા કર્મચારીઓની નોકરી છીનવાઈ ગઈ છે ? – બ્રિટન

48. ભારતીય ક્રિકેટરોને વિદેશ પ્રવાસ દરમિયાન ચૂકવવામાં આવતું ડેઈલી એલાઉન્સ 125 ડોલરથી વધારીને તાજેતરમાં કેટલું કરવામાં આવ્યું છે ? – 250 ડોલર

49. વર્ષ 2020માં એનાયત થનાર 92મા ઓસ્કાર એવોર્ડ માટે ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી તરીકે કઈ ફિલ્મ મોકલવામાં આવશે ? – ગલી બોય

50. વર્ષ 2020ના 92મા ઓસ્કાર એવોર્ડમાં કઈ ફિલ્મ ભારતનું પ્રતિનિધિત્વ કરશે ? – ગલી બોય

51. બ્રિટનના વાર્ષિક 21મી સદીના આઈકન એવોર્ડમાં 'મેગ્નિફિસન્ટ પર્ફોર્મિંગ આર્ટ્સ એવોર્ડ'થી તાજેતરમાં ભારતના કયા ગાયકને સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી સોનુ નિગમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

52. તાજેતરમાં ભારત સહિત વિશ્વના 120 દેશોએ કયા દિવસે 'ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લિનઅપ ડે'ની ઉજવણી કરીને સમુદ્ર તથા નદી કિનારાને સાફ કર્યા હતા ? – 21 સપ્ટેમ્બર

53. મહિલાઓ તથા બાળકોમાં લોહીની અછત દૂર કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકારે હવે મીઠામાં આયોડિનની સાથે કયું તત્ત્વ ઉમેરવાનો નિર્ણય કર્યો છે ? – આયર્ન

54. 92મા એકેડેમી એવોર્ડ (ઓસ્કાર એવોર્ડ) માટે 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ' શ્રેણીમાં ભારતે કઈ ફિલ્મ નોમિનેટ કરી છે ? – ગલી બોય

55. ઈકો ટુરિઝમ સ્પોર્ટ તરીકે પ્રસિદ્ધ થઈ રહેલા નર્મદા જિલ્લાના કેવડિયાને ગુજરાત સરકારે કયું નવું નામ આપ્યું છે ? – એકતા નગરી

56. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર કયા દેશમાં જતા ભારતીય તબીબોએ હવે TOEFL કે IELTS જેવી ઈંગ્લિશ ટેસ્ટ આપવાની જરૂર રહેશે નહિ ? – બ્રિટન

57. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા શહેરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 74મા સત્રને સંબોધન કર્યું હતું? – ન્યુયોર્ક

58. તાજેતરમાં કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે ઓછામાં ઓછા કેટલા ધોરણ પાસની શૈક્ષણિક લાયકાત હટાવી લીધી છે ? – ધોરણ 8 પાસ

59. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા નવી 'બંદર નીતિ' જાહેર કરવામાં આવી છે ? – ગુજરાત

60. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન શ્રી મોહમ્મદ અઝરુદ્દીન તાજેતરમાં કયા ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે ? – હૈદરાબાદ

61. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન શ્રી સૌરવ ગાંગુલી તાજેતરમાં કયા ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે ? – બંગાળ

62. 28-29 સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત–સિંગાપોર દ્વિતીય હેકાથોનનું આયોજન ભારતની કઈ IITમાં થયું છે ? – IIT મદ્રાસ

63. IMF (International Monetary Fund)ના મેનેજિંગ ડિરેક્ટર પદેથી સુશ્રી ક્રિસ્ટિન લેગાર્ડના રાજીનામા બાદ તાજેતરમાં IMFના નવા MD અથવા તો પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– સુશ્રી ક્રિસ્ટાલિના જ્યોર્જિયેવા (બલ્ગેરિયાના મહિલા અર્થશાસ્ત્રી)

64. એક જ ટી-20 મેચમાં ત્રણ મેડન ઓવર નાખનાર ભારતના પ્રથમ બોલર તાજેતરમાં કોણ બન્યું છે ?
– સુશ્રી દિપ્તિ શર્મા (દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં તેમણે આ સિદ્ધિ મેળવી છે)

65. તાજેતરમાં બાળ મજૂરી તથા બાળ વિવાહ નાબૂદી માટે કરેલા પ્રયાસો બદલ બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ચેન્જમેકર પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય વ્યક્તિનું નામ શું છે ? – સુશ્રી પાયલ જાંગિડ

66. બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન પાસેથી ચેન્જમેકર એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય સુશ્રી પાયલ જાંગિડ કયા રાજ્યના છે ? – રાજસ્થાન

67. સુશ્રી પોનુંગ ડોમિંગ ભારતના કયા રાજ્યના પ્રથમ મહિલા લેફ્ટનન્ટ કર્નલ બન્યા છે ? – અરૂણાચલ પ્રદેશ

68. IAAFના નવા પ્રમુખ તરીકે તાજેતરમાં ફરીથી કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સેબેસ્ટિયન કો

69. શ્રી સેબેસ્ટિયન કો તાજેતરમાં IAAFના પ્રમુખ તરીકે ફરીથી નિયુક્ત થયા છે...તેમના દેશનું નામ શું છે ? – બ્રિટન

70. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કઈ જગ્યાએથી છઠ્ઠા ઈન્ડિયા વોટર વીકનું ઉદ્‌ઘાટન કરાવ્યું હતું? – વિજ્ઞાન ભવન, નવી દિલ્હી

71. તાજેતરમાં ભારતમાં યોજાયેલા છઠ્ઠા ઈન્ડિયા વોટર વીકના પાર્ટનર દેશનું નામ શું છે ? – જાપાન

72. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે કયા સ્વાતંત્ર્ય સેનાનીના નામ પરથી સર્વોચ્ચ નાગરિક સન્માનની સ્થાપના કરી છે? – શ્રી સરદાર પટેલ

73. તાજેતરમાં વર્ષ 2019ના સસ્ત્ર રામાનુજન પુરસ્કાર વિજેતા વ્યક્તિનું નામ શું છે ? – શ્રી એડમ હાર્પર (ઈંગ્લેન્ડ)

74. તાજેતરમાં 25 સપ્ટેમ્બરથી 25 ઓક્ટોબર સુધી ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? – મધ્યપ્રદેશ

75. તાજેતરમાં 25મી સીનિયર મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ચેમ્પિયનશિપ વિજેતા ભારતના રાજ્યનું નામ શું છે ? – મણિપુર

76. તાજેતરમાં વર્ષ 2018ના દાદાસાહેબ ફાળકે પુરસ્કાર તરીકે શ્રી અમિતાભ બચ્ચનની પસંદગી કરવામાં આવી છે...તેમના અગાઉ 2017નો આ પુરસ્કાર કોને એનાયત થયો હતો ? – શ્રી વિનોદ ખન્ના

77. તાજેતરમાં જ શ્રી ભગત રામ વત્સનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
– પત્રકારત્વ (ભારતની પ્રથમ લોકસભા ચૂંટણીનું કવરેજ કરનાર PTIના વરિષ્ઠ પત્રકાર)

78. અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સમ્મેલન 2020ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં સૌપ્રથમ વખત કયા ઈસાઈ વ્યક્તિની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી ફ્રાન્સિસ ડી'બ્રિટો

79. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા 'અપોનર અપોન ઘર' યોજના લોન્ચ કરવામાં આવી છે ? – આસામ

80. તાજેતરમાં ભારતના કયા પત્રકારને પ્રથમ ગૌરી લંકેશ નેશનલ એવોર્ડ ફોર જર્નાલિઝમથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી રવિશ કુમાર

81. તાજેતરમાં મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા રેસ્ટોરન્ટ માટે ભારતના કયા રાજ્યએ કઝાખસ્તાનના નૂરસુલ્તાન ખાતે PATA (Pacific Asia Travel Association) ગોલ્ડ એવોર્ડ જીત્યો છે ? – કેરળ

82. તાજેતરમાં લદાખના કયા નૃત્યનો સૌથી મોટા લદાખી નૃત્ય તરીકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ થયો છે? – શોંડોલ નૃત્ય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**83.** 'શોંડોલ નૃત્ય' ભારતના કયા શહેરનું પ્રસિદ્ધ નૃત્ય છે ? – લદાખ

**84.** ભારતમાં નવજાત બાળકોમાં થતા જિનેટિક રોગો અટકાવવા માટે ભારતના આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં કઈ પહેલ લોન્ચ કરી છે ? – UMMID (ઉમ્મીદ)

**85.** 'UMMID'નું પૂરું નામ શું છે ?

– Unique Methods of Management and Treatment of Inherited Disorders

**86.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઉમ્મીદ' પહેલનો સંબંધ શેની સાથે છે ?

– નવજાત બાળકોમાં જોવા મળતા જિનેટિક રોગો સાથે

**87.** CBDT (Central Board of Direct Tax) દ્વારા તાજેતરમાં ભારતના કયા શહેરમાં National e-Assessment Centre (NeAC)ની સ્થાપના કરવામાં આવી છે ? – નવી દિલ્હી

**88.** National e-Assessment Centre (NeAC)ના પ્રથમ Principal Chief Commissioner of Income Tax તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી કે.એમ. પ્રસાદ (અથવા શ્રી કૃષ્ણ મોહન પ્રસાદ)

**89.** થોમસ કૂક નામની ટ્રાવેલ કંપનીની નાદારી બાદ પ્રવાસીઓને તેમના ઘર સુધી પહોંચાડવા માટે તાજેતરમાં કયા દેશમાં 'Operation Matterhorn' હાથ ધરવામાં આવ્યું હતું ? – બ્રિટન (UK)

**90.** ઊંટો માટેની વિશ્વની પ્રથમ હોસ્પિટલની ક્ષમતામાં હાલ 50 ટકાનો વધારો કરવામાં આવી રહ્યો છે...આ હોસ્પિટલ કયા શહેરમાં આવેલી છે ? – દુબઈ

**91.** પ્રસિદ્ધ અભિનેતા શ્રી ગોવિંદાની તાજેતરમાં ભારતના કયા રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – મધ્યપ્રદેશ

**92.** મધ્યપ્રદેશના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ગોવિંદા

**93.** તાજેતરમાં ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને કયા દેશે એશિયાઈ પુરુષ વોલિબોલ ચેમ્પિયનશિપ 2019 જીતી લીધી છે? – ઈરાન

**94.** 9થી 12 ઓક્ટોબર, 2019 દરમિયાન C40 મેયર્સ સમિટ 2019 કયા શહેરમાં યોજાશે ? (..કે જેમાં શ્રી અરવિંદ કેજરીવાલ પ્રદૂષણ ઓછું કરવા માટે તેમણે કરેલા પ્રયાસો વિશે માહિતી આપશે.) – કોપનહેગન

**95.** તાજેતરમાં ભારતમાં દિલ્હી સરકાર દ્વારા કઈ બિમારી અટકાવવા માટે 'ચેમ્પિયન્સ અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ? – ડેંગ્યુ

**96.** 'Girl Power : Indian Women Who Broke The Rules' પુસ્તકના લેખકનું નામ શું છે ?

– સુશ્રી નેહા જે. હીંરાનંદાની

**97.** તાજેતરમાં ભારતની કઈ સેના દ્વારા પૂર્વ લદાખમાં 'ચાંગ થાંગ પ્રહાર' નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું ? – આર્મી

**98.** તાજેતરમાં ભારતીય આર્મી દ્વારા કઈ જગ્યાએ 'ચાંગ થાંગ પ્રહાર' નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

હતું ? – પૂર્વ લદાખ અથવા લદાખ

99. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કિલાડી' ભારતના કયા રાજ્યનું એક પ્રસિદ્ધ ઐતિહાસિક સ્થળ છે ? – તમિલનાડુ

100. ભારતમાં હવે પછી લોન્ચ થનારી પૂસા યશસ્વી (HD-3226) કયા પાકની નવી જાત છે ? – ઘઉં

101. સોશિયલ સ્ટોક એક્સચેન્જ માટેના નિયમો અંગે માર્ગદર્શન આપવા તાજેતરમાં કોની અધ્યક્ષતામાં SEBI (Securities and Exchange Board of India) દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે ?

– શ્રી ઈશાત હુસૈન

102. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા સરકારી ડોક્ટરો માટે ખાનગી પ્રેક્ટિસ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – આંધ્રપ્રદેશ

103. તાજેતરમાં ભારતની કઈ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે ઈન્ટરનેટનો ઉપયોગ એ શિક્ષણનો અધિકાર તથા પ્રાઈવસીના અધિકારનો એક ભાગ છે ? – કેરળ

104. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કયા શહેરમાં ડાયલ 122, ઈ–બીટ બુક સિસ્ટમ તથા ઈ–સાથી મોબાઈલ એપ લોન્ચ કરી છે ? – ચંદીગઢ

105. તાજેતરમાં વર્ષ 2019-20 માટે ઓડિટ બ્યુરો ઓફ સર્ક્યુલેશન્સના ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી મધુકર કામત

106. તાજેતરમાં મંગોલિયાના રાષ્ટ્રપતિ શ્રી ખાલ્તમાગિન બત્તુલ્ગા તથા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા શહેરમાં આવેલા ગન્દન તેગચેનલિંગ મઠમાં સ્થાપિત શ્રી ભગવાન બુદ્ધની સોનાની પ્રતિમાનું નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા અનાવરણ કર્યું હતું ? – ઉલાનબતોર (મંગોલિયાની રાજધાની)

107. 'BEING GANDHI' પુસ્તકના લેખકનું નામ શું છે ? – સુશ્રી પારો આનંદ

108. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ભારતમાં ઉચ્ચ શિક્ષણને શ્રેષ્ઠ બનાવવા માટે કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?

– NEAT (National Educational Alliance for Technology)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.